(सरकारी तथा वडोदरा राज्यना
केळवणीखातामां चालती)

बाळ-गरबावळी

કર્તા

ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર

स्व० नवलराम लक्ष्मीराम.

આવૃત્તિ ૩૩ મી

૧૯૩૨

કિંમત ૦-૩-૬

The Department of Public Instruction, Bombay.

BAL-GARABAVALI

OR

A SONG-BOOK FOR GIRLS

By

The late Rao Saheb

NAVALRAM LAKSHMIRAM PANDYA,

Principal, Training College, Kathiawar.

बाळ-गरबावळी

કર્તા

સ્વર્ગસ્થ રા. સા. નવલરામ લક્ષ્મીરામ પંડયા,

પ્રસિદ્ધકર્તા

ગં. સ્વ. વસુમતિ ધીમતરામ નવલરામ–સુરત.

આવૃત્તિ ૩૩મી.

સંવત ૧૯૮૮—ઈ. સ. ૧૯૩૨.

છપાવી પ્રસિદ્ધ કરનારઃ—

ગં. સ્વ. વસુમતિ ધીમતરામ નવલરામ પંડયા,

ઠે૦ કેળાંપીઠ–સુરત.

સુરત–ચૌટાના પૂલ ઉપર આવેલા "શંકર" પ્રિન્ટિંગ
પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપી.

પ્રસ્તાવના

મનની કેળવણીમાં અભ્યાસ એ એક અવશ્યનું સાધન છે. સારી કવિતા માણસનાં રસજ્ઞાન તથા કલ્પનાને કેળવણીથી પ્રફુલ્લિત કરે છે; તેને સારૂ સુખનું એક નવું તથા અખૂટ બારૂં ઉઘાડે છે; અને મનની ઉંચી વૃત્તિઓને જાગૃત કરી તેની પાસે ઉંચાં કર્મ કરાવે છે. શાસ્ત્રના અભ્યાસથી પરિપક્વ થએલી બુદ્ધિને કોમળ, ચપળ, ઉમંગી તથા ઉદાર કરનાર સારી કવિતાજ છે.

પરંતુ **બાળકેળવણીને** લાયક કવિતા મળવી મુશ્કેલ પડે છે; કેમકે કવિતા ઘણું કરીને પોતાની અવસ્થાનોજ રસ વર્ણવી જાય છે, અને બાલ્યાવસ્થાનાં રસ અને કલ્પનામાં ઉતરવું એ બહુ અઘરૂં છે. એ કારણથી સઘળી ભાષામાં સારી **બાળ-કવિતા** થોડીજ દીઠામાં આવે છે. આપણી ભાષામાં તો તેની કેવળ ખોટજ છે.

એ ખોટ પૂરી પાડવાને અર્થે મારો વિચાર ઘણા વખતથી યથાશક્તિ કાંઈ કરવાનો હતો, અને તેથી **કેળવણી ખાતા તરફથીજ બાળ-ગરબાવળીની માગણી આવતાં મેં તે** ઉમંગથી ઝીલી લીધી છે. એમાં ધારેલી મતલબ કેટલી પાર પડી છે—એટલે એમાં રસ કેટલો આવ્યો છે, અને તેમાં તે બાળકથી ગ્રહણ થઈ શકે એવો કેટલો છે—એનો નિર્ણય કરવો એ **બાળકેળવણીના** ચતુર અનુભવીઓનું કામ છે.

ગરબીઓ કેવી રીતે ગાવી, તે જાણવાને સારૂ તેને મથાળે એક પ્રસિદ્ધ* કડી મૂકવાનો રિવાજ છે; પણ તે પ્રમાણે કેટલાંક કારણોથી આ ચોપડીમાં થઈ શકયું નહિ, તે છતાં તેનો પદ્યબંધ તો જણાય એમ ધારી મેં તેનાં સાંકેતિક નામ ત્યાં લખ્યાં છેઃ-જેમકે ચોચોકા એટલે ચાર ચાર માત્રાના ચાર ગણ જેના પ્રત્યેક ચરણમાં સમાયલા છે તે. अ, इ, उ, ओ, વગેરે નામને અંતે જે પ્રત્યય લગાડયા છે, તેમાં પણ મર્મ રહેલો છે; પરંતુ તે સઘળો વિસ્તાર આ ઠેકાણે આપી શકતો નથી.

મુ૦ રાજકોટ.
તા૦ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૮૮૭. } ન. લ. પંડયા.

---

* પરંતુ એની જરૂર જણાવાથી સને ૧૮૭૯ના એપ્રિલ માસના ગુજરાત શાળાપત્રમાં એ પ્રસિદ્ધ કડીઓ મેં શીખવનારની જાણને માટે બતાવેલી છે.

સાંકળીઉં

विषयनुं नाम. पृष्ठ.

(त्रीजा धोरण सुधी भणनारी बाळाओने सारु.)

(चोथुं धोरण भणनारी बाळाओने सारु.)

(पांचमुं धोरण भणनारी बाळाओने सारु.)

(छठ्ठुं धोरण भणनारी बाळाओने सारु)

(फीमेल ट्रेनिंग कोलेजमां अभ्यास करनार सारु.)

બાળપ્રાર્થના

ધોળ

(બાપ ચોચોકા)

માગું માગું, છો ઈશ્વર આપ રે,
પ્રાણિમાત્રના મા ને બાપ રે;
જેની શક્તિનું નહિ કંઈ માપ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૧

માગું માગું, પ્રથમ તમ પ્રેમ રે,
રાખો રાખો અમ, પર રહેમ રે;
તમ રહેમેજ રહીએ ક્ષેમ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૨

માગું માગું, કુશળ મારી માતને,
માગું માગું કુશળ મારા તાતને;
માગું કુશળ ભાંડુઓના સાથને,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૩

માગું માગું, અમને તમે પાળજો,
અન્ન, વસ્ત્ર ને આબરૂ આલજો;
જન સર્વનાં સંકટ ટાળજો,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૪

માગું માગું, હું આપણી વા'લને,
આપો આપો, સુબુદ્ધિ હું બાળને;

કાપો કાપો, કુતર્ક કુચાલને,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૫

માગું માગું, માબાપની સેવ રે,
સદા સાચુંજ બોલ્યાની ટેવ રે;
મારા મનનો હરો અહમેવ[1] રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૬

માગું માગું, માયાળુ સ્વભાવ રે,
મીઠા બોલ ને સૌ પર ભાવ રે;
છે જેથીજ જગમાં નિભાવ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૭

માગું માગું, સુમાર્ગ બતાવ રે,
મારા દીલમાં દયા તું વસાવ રે;
પરમારથ[2] પૂર્ણ[3] કરાવ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૮

માગું, વિદ્યાનું વ્યસન[4] લગાડજે,
મારી અંતર આંખો ઉઘાડજે;
શુદ્ધ સત્યનો સુરજ ઉગાડજે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૯

મેં આ માગ્યું, હું માગવા જોગ રે,
બાપ, આપ છો આપવા યોગ્ય રે;
હવે આપો જે હોય યોગ્ય[5] રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૧૦

---

૧ અહંકાર. ૨ જીવનનું કલ્યાણું થાય એવાં કામ.
૩ બરાબર. ૪ ટેવ. ૫ નુકસાન વગરનું.

નિશાળે જતી છોડીનું વર્ણન—વા'લી બેન

ગરબી

(ચોચોકા)

મારી *વા'લી બેન છે બહુ છોટી જો,
પણ ડા'પણમાં મોટી જો. ૧

મારી વા'લી બેનને નહિ રાઢો જો,
હસતીજ આખો દા'ડો જો. ૨

મારી વા'લી બેન વા'ણે વહેલી જો,
ઊઠે સૌથી પહેલી જો. ૩

મારી વા'લી બેન દાતણ નિત્યે જો,
કરે, ને નાહે પ્રીતે જો. ૪

મારી વા'લી બેન વાળ ઓળાવે જો,
રોજ કપાળ લુછાવે જો. ૫

મારી વા'લી બેન સો સુધી ગણતી જો,
ભાવે "ભૂ પા" ભણતી જો. ૬

મારી વા'લી બેન ચાલી નિશાળે જો,
ચૂકે નહિ કો કાળે જો. ૭

મારી વા'લી બેન સિલેટ સાહી જો,
દીસે છે બહુ ડાહી જો. ૮

મારી વા'લી બેન પેન તો માગે જો,
સૌને વા'લી લાગે જો. ૯

---

* જ્યાં આવું (') અધ્યાહાર ચિહ્ન મૂકયું હોય, ત્યાં કોઈ હકારનો ઉચ્ચાર છે એમ જાણવું. જેમકે વા'લી એ વહાલી લખ્યું હોય ત્યારે જેમ વાંચીએ છીએ તેમ વાંચવું.

મારી વા'લી બેન ઠમઠમ ચાલે જો,
ચોપડી હાથમાં ઝાલે જો. ૧૦

મારી વા'લી બેન પાઠ કરે છે જો,
સૌમાં સરસ ઠરે છે જો. ૧૧

મારી વા'લી બેન વાંચે વાતો જો,
હરખ સરવને થાતો જો. ૧૨

મારી વા'લી બેન લેઈને તાળી જો,
ગરબી ગાય રસાળી જો. ૧૩

મારી વા'લી બેનના બોલ મીઠા જો,
દુનિયામાં નહિ દીઠા જો. ૧૪

મારી વા'લી બેન વા'લાં લાગો જો,
મન ગમે તે માગો જો. ૧૫

છોડીઓની ઉજાણી

ગરબી

(અષ્ટચોકા)

સૌ અલીઓ હળીમળી આવો, આજ,
આપણે કરીએ ઉજાણી.
સૌ કાંઈ કાંઈ ઘરથી લાવો. આજ, આપણે૦ ૧
કો લાવી ચણા, કો ધાણી, આજ, આપણે૦
કો કોપરૂં ખાંડ તો આણી. આજ, આપણે૦ ૨
કો ખજુર ખોળી લાવી, આજ, આપણે૦
કો ચારોળી ચાવતી આવી, આજ, આપણે૦ ૩

કો કહે એ થઈ તો અજીઠી+, આજ, આપણે૦
કો લાવી બદામો મીઠી. આજ, આપણે૦ ૪

કોએ પસ્તાં સસ્તાં આણ્યાં, આજ, આપણે૦
સૌએ*ખોરાં ખૂબ વખાણ્યાં. આજ, આપણે૦ ૫

કો કોકડીઓ, કો દ્રાખો, આજ, આપણે૦
કો લાવી મૂળો આખો. આજ, આપણે૦ ૬

કો બરફી બરફજ સરખી, આજ, આપણે૦
જોઈ બાળક કૂદ્યાં હરખી. આજ, આપણે૦ ૭

કોઈ પેંડા લાવી પ્રેમે, આજ, આપણે૦
નહિ કોઈથી ભાગ્યો કેમે. આજ, આપણે૦ ૮
પણ પત્થરથી તે હાર્યો, આજ, આપણે૦
કો લાવી લાડવો સારો. આજ, આપણે૦ ૯

કો કહે ખપે ન અમને, આજ, આપણે૦
કહ્યું નહિજ મૂકીએ તમને. આજ, આપણે૦ ૧૦

કો લાવી સક્કરપારા, આજ, આપણે૦
ગોળપાપડી, મમરા ખારા. આજ, આપણે૦ ૧૧

કો લાવી ગાંઠીઆ ગમતા, આજ, આપણે૦
તે તો ગટ કરી ગયાં રમતાં. આજ, આપણે૦ ૧૨

કો લાવી પકવાન પાંચે, આજ, આપણે૦
જોઈ જીભ સળવળે સાચે. આજ, આપણે૦ ૧૩

કોઈ દળ મગદળ ગળગળતું, આજ, આપણે૦
કોઈએ આણ્યું અથાણું મોંબળતું. આજ, આપણે૦ ૧૪

કો ખોબો ભરી ખારેકો, આજ, આપણે૦
કો લાવી પાપડ સેક્યો. આજ, આપણે૦ ૧૫

+ એઠી, બોટેલી. * પસ્તાં ખોરાં છે, એમ સૌએ કહ્યું.

કો છાનું છુપાવી લાવી, આજ, આપણે૦
પાછી વાળી જેવી આવી. આજ, આપણે૦ ૧૬

બેન એ તો ચોરી કહેવાયે, આજ, આપણે૦
કહ્યા વિના ન લાવવું કાંઈએ. આજ, આપણે૦ ૧૭

રોતી આવી એક બિચારી, આજ, આપણે૦
નથી આપતી મા કંઈ મારી. આજ, આપણે૦ ૧૮

એને પ્રેમે પાસ બેસાડી, આજ, આપણે૦
સૌએ ભોજબાની તો માંડી. આજ, આપણે૦ ૧૯

સૌ વ્હાલથી વહેંચી ખાઓ, આજ, આપણે૦
ખાઈ પીને ગરબા ગાઓ. આજ, આપણે૦ ૨૦

ગુજરાતનો વનસ્પતિવૈભવ–ભાગ ૧લો

ગરબો

(ચોચોકા)

રૂડો! રૂડો! મુલક ગુજરાત રૂડો!
જગદીશે જગતમાં ખૂબ ઘડયો! ૧

જ્યાં જુઓ ત્યાં લીલાલહેરજ છે!
ધનધાન્યે *ભૂધરની મહેરજ છે! ૨

બહુ જુવાર, બાજરી, ડાંગર ને,
ઘઉં, ચણા, વટાણા, ઝાલર ને, ૩

ઘણી તુવર, ને મગ, ચોળા જ્યાં,
મઠ, અડદ, મકાઈ, જવ ઝાઝા. ૪

વળી વળી, દિવેલી, તલ, અળશી,
આદિ ચીજો હજારો હજાર કળશી! ૫

---

* પરમેશ્વર.

એ ગણે ગણાય ન કહું સાચું,
ગુજરાતે પાકે સોનું કાચું! ૬

કાચું રાખ્યું નથી કંઈ કીરતારે!
કરી કૃપા ભરતખંડ પર ભારે. ૭

ભૂંડો ભુંડી આપણીજ છે ભાઈ,
કે ગયા ડૂબી દળદર માંહી. ૮

આવો મુલક મળ્યો હોય બીજાને,
દુઃખ બોલ જનમમાં ન તે જાણે. ૯

લોક અકલહુનર નહિ કંઈ આણે,
જુઠો મમત, ગાડરવત્ બહુ તાણે. ૧૦

મૂકી મમત, આળસ, ઈર્ષા સર્વે,
દેશદાઝે ઘૂમો ઘૂમો! ગર્વે. ૧૧

કરો ગર્વે ગરૂઓ મુલક પાછો!
સૂતાં બેઠાં સ્વદેશનું સુખ વાંછો? ૧૨

સંપ સજી, ભજી વિદ્યામાતા,
થઈ હુન્નરકળામાં મદમાતા. ૧૩

કસી કમર, પલકમાં ખુંખારી,
બહાર પડો! ફતેહ છે કહું ધારી. ૧૪

ભાગ ૨જો

(રાગ ઉપર પ્રમાણે)

ખરેખરો બગીચો ગુજરાતજ,
ફળ્યો, ફૂલ્યો ને ફાલ્યો પ્રખ્યાતજ! ૧

ઝાઝાં ઝાડોનાં ઝુંડજ જ્યાં દીસે,
જોતાં જોતાં જે જીવ હરખી હીસે. ૨

વડ ઘટા ઘાલે ચોગમ ફરતી,
જે નીચે સેનાઓ ઉતરતી. ૩

ઝૂલે આંબાઓ હારોહાર ઘણા,
કહો કેરીના સ્વાદમાં શીજ મણા ? ૪

રૂડી રૂડી રે લીમડાની છાયા,
ભુંડી ભુંડી રે આમલીની માયા. ૫

કેવો કેવો કપાસનો છોડ સારો ?
જાતે નાનો જગતને ઢાંકનારો ! ૬

શું ખીલ્યું આ ખેતર ખસખસનું !
હોય અફીણ અમૂલ્ય જે રસનું ! ૭

બુધહીણા વિના ખપ જો ખાયે,
ખરે મરેજ એનો ન વાંક કાંએ. ૮

શી શોભે આ ઉભી શેલડીઓ !
કેવી ઝૂકે છે, જોજો ચમરીઓ ! ૯

મોટું પેલું ફણુસનું ફળ કેવું ?
દીસે હાથીના કુંભસ્થળ જેવું ! ૧૦

જોજો ઝાડો જવાહીરનાં સહુ રે,
કોને મૂકું, ને કોને હું ગાઉં રે. ૧૧

આસોપાલવ, કદંબ, પીપળ, બીલી,
તાડ ઉંચું રહ્યું ગગન ઝીલી. ૧૨

વાંસ, સાગ, સરગવો ને બાવળ,
ખેર, ખાખર, ખજુરાં ને આવળ. ૧૩

જમરૂખી, કમરખી, બોરડીઓ,
સીતાફળી, કદળી, દાડમડીઓ. ૧૪

જો કોઠી, રાયણુ, લીંબુ, જાંબુ,
નારંગી, અંજીર, શેતુર લાંબું. ૧૫

વળી પપાઉં, ફાલસાં ને દ્રાખો,
હોય મેવા મઝાદારજ લાખો. ૧૬

ભાગ ૩જો

(રાગ ઉપર પ્રમાણે)

ફૂલ મઝા તો આપણા દેશજની!
સોનું ને સુગંધ એ, સજની! ૧

ફૂલ રંગબેરંગી કેવાં છે!
ઉંડી આંખેજ વળગે એવાં છે! ૨

ને સુગંધ શી સુંદર સારી!
રહ્યો બે'કી મુલક બધો ભારી. ૩

જુઈ, જાઈ, કેતકી, સાહેલી,
પારિજાતક, ચંપો, ચંપેલી. ૪

ગુણી ગુલાબ, મોગરો, બટમોગરો,
ગુલછડી, તગર, તુલસી, ડમરો. ૫

મઘમઘી રહ્યાં વન વન ચોગમ,
નામ લેતાંજ આવે છે સોરમ. ૬

શાં ખીલે કમળ જળમાં ચોપાસ!
શાં સોહામણાં સાંજે ગુલબાસ! ૭

શા શોભી રહ્યા આ ગુલ્લાલા!
કેસુડાં, કસુંબો લાગે વા'લા. ૮

પેલાં સુંદર સુરજફૂલ સુરજની,
પૂઠે ફરે છે પ્રેમે, એ સજની. ૯

પેલી ચોયણી પરણી ચાંદાસું,
જોય ચાંદો, ને જો, આવે *હાસું ! ૧૦

ખૂબ ખીલ્યાં કરેણાં, તનમનીઆં,
ધંતુરા તુરી સમ છે બનીંઆ. ૧૧

જાણે પુકારે વનવૈભવ ઈશનો !
વનલીલામાં વાસ છે જગદીશનો. ૧૨

જ્યાં જોઉં ત્યાં ઇશ્વિર સભર ભર્યો !
ધનભાગ્ય નવલ, ભવસાર સર્યો ! ૧૩

निशाळनुं वर्णन

ગરબી

(ત્રિઅઠ્ઠી)

મા, મને નિશાળે મૂકને, પાય લાગું, મા,
મા, ભાગ તું મારી ભૂખને, મુખ માગું, મા. ૧

મા, મારી મારા જેવડી બેનપણીઓ, મા,
મા, જો જો ચાલી આ ચોપડી લઈ ઘણીઓ, મા. ૨

મા, જો જો કેવી એ જાય છે, મનમોજે, મા,
મા, જાયજ તો ત્યાં ગવાય છે ગીત રોજે, મા. ૩

મા, ભરી રૂપાળા રંગથી એક પેટી, મા,
મા, તે તો જુએ એ ઉમંગથી ત્યાં બેઠી, મા. ૪

---

* હાસુ-હસવું, એટલે ચંદ્રોદય પછી ઉજળી, સોહામણી દેખાય છે.

મા, ખેલવણાં ખૂશકારની છે બીજી, મા,
મા, જેને કહે છે આકારની જન રીઝી, મા. ૫

મા, વળી ચળકતે ચોકડે રૂપાળા, મા,
મા, ઘણા લખોટા જે વડે ગણે બાળા, મા. ૬

મા, નકશા નવરંગી, નવા, તકતકતા, મા,
મા, ભીંતે ભલા ખૂબ ભેરવ્યા જાણે તપ્તા, મા. ૭

મા, ગોળો ચોગમ ચીતર્યો એક ત્યાં છે, મા,
મા, ચકર ચકર ફરતો ખરો કહું સાચે, મા. ૮

મા, એક દિવસ ત્યાં ગઈ હતી, સખી સંગે, મા,
મા, તેજ દિવસથી થઈ મતિ "ભણું રંગે", મા. ૯

મા, નિશાળમાં તો છે મઝા ભણવાની, મા,
મા, એક વાગે આપે રજા રમવાની, મા. ૧૦

મા, મે'તીજી માયા બધા પર રાખે, મા,
મા, શાંત સ્વભાવે તે સદા મીઠું ભાખે, મા. ૧૧

મા, શીખવવાની શી છટા છે ત્યાંહી! મા,
મા, ચિત્ત ચોટે ચોગમ ઘટા રહે છાયી! મા. ૧૨

મા, આવી નિશાળે તો જવું તે મોજજ, મા,
મા, ગમે રમ્યાથી શીખવું જ્યાં રોજજ, મા. ૧૩

મા, જો નિશાળજ બહારથી રઢ લાગે, મા,
મા, જો જઈ ભણીએ પ્યારથી ભાગ્ય જાગે, મા. ૧૪

મા, ભણતર વણુ નરનાર રહે પશુ સરખાં, મા,
મા, વિદ્યામાં મેં અપાર રે સુખ નીરખ્યાં, મા. ૧૫

(ચોથું ધોરણ ભણનારી બાળાઓને સારુ)

ઈશ્વરનું સ્તવન

ગરબી

(ચોઝ્ઝા)

જે આ જગતને નિભાવે, ભજું તેજ ભાવે;
ખલક પલકમાં બનાવે, ભજું તેજ ભાવે. ૧

ચાહે ત્યારે ઝટ ડુબાવે, ભજું તેજ ભાવે;
તે તો વિશ્વનાથ કહાવે, ભજું તેજ ભાવે. ૨

જે આ સૂર્યને શોભાવે, ભજું તેજ ભાવે;
જે આ ચંદ્રને ચળકાવે, ભજું તેજ ભાવે. ૩

ઘુમટ ગગનનો ટેકાવે, ભજું તેજ ભાવે;
અસંખ્ય ગોળાઓ ગબડાવે, ભજું તેજ ભાવે. ૪

જડને ધર્મ જે ધરાવે, ભજું તેજ ભાવે;
મનને મુક્તિસું ચઢાવે, ભજું તેજ ભાવે. ૫

જે છે પ્રાણનો આધાર, ભજું તેજ ભાવે;
જે છે સારમાંનું સાર, ભજું તેજ ભાવે. ૬

જે છે ડાહ્યો દયાવંત, ભજું તેજ ભાવે;
જેને નહિજ આદિ અંત, ભજું તેજ ભાવે. ૭

સકળ શક્તિનો જે ભૂપ, ભજું તેજ ભાવે;
જે છે એક ને અનુપ, ભજું તેજ ભાવે. ૮

જે છે અકળ ને અરૂપ, ભજું તેજ ભાવે;
જ્યાં મનવાણી હોય ચૂપ, ભજું તેજ ભાવે. ૯

જેને નવલ કહે શુંજ! ભજું તેજ ભાવે;
તે તો તુંજ, તુંજ, તુંજ, ભજું તેજ ભાવે. ૧૦

ચોમાસું

ગરબી

(ત્રિતાલી ચોછક્કા)

પેલી વાદળીઓએ ઘૂમાઘૂમી માંડી રે!
હવે આવશે ચોમાસું શું? ઓ માડી રે. ૧

હા હા! હજી નહિ શું આવે? ધામ કેવો રે!
ફેરી બાફમાંજ ધાલી હોય એવો રે! ૨

નથી હાલતું ઝાડોનું એક પાન* રે;
ફર્યો પવન જઈ ઠર્યો હવે ઈશાન રે. ૩

નહિ શ્વાસ રે લેવાય, જીવ રૂંધાયે રે;
પાંખ પંખીઓ વિખેરી ધૂળે નાહ્યે રે. ૪

ભુંડી અંગે આ અળાઈઓ કરડી ખાય રે!
પડે સાંજ ત્યારે કાંઈક સુખ થાય રે. ૫

અધવાર્યો અષાડ, ઉંચું જોઈએ રે!
હવે મેહુલે તો, મે'ર કરી જોઈએ રે! ૬

ખોદી ખેડીને ખેડુત ચાસ પાડી રે,
ઉભા ખેતર જુએ વાટ દા'ડી રે. ૭

બેઠા ઠામ ઠરી પ્રવાસા ખલાસી રે;
વળી વેપારી, અધિકારીઓ, સંન્યાસી રે. ૮

બેઠી મોસમ, પડયાં બાંધ બધાં વા'ણો રે;
નદી નાળે નીર ન, જાય હરણુ પ્રાણો રે. ૯

ભુખી ભૂખી ને સુકી ખડંગ બોય રે;
"પય પય" પોકારે છે, જોડે પપૈયા રે. ૧૦

---

* એક પાંદડું પણ.

પ્રાણિમાત્રનો આધાર મેઘરાજા રે;
આવો, આવો, મહારાજ રાખો માઝા રે! ૧૧

ધાતાં ધાતાં કાળાં કાળાં વાદળ આવે રે;
ગગન ઘેરીને અંધારકોટ બનાવે રે. ૧૨

થાય ચમક ચમક વીજના ચમકારા રે;
કડડ કડડ કડડ કડકડયાં નગારાં રે. ૧૩

છૂટયો પવન આવ્યું લહેરૂં હાશ! સારૂં રે!
ક્યાંહી વરસ્યો એ નિશ્ચે હું તો ધારૂં રે. ૧૪

પડયો! ઓ પડયો! પડયોજ મુસળધાર રે!
નવલ સુગંધ ઊડી, શાંતિ થઈ સંસારે રે! ૧૫

जनावरनी जान

घोळ

(છચોકા)

જાન જનાવરની મળી, મેઘાડંબર ગાજે;
બકરીબાઈનો બેટડો, પરણે છે આજે. ૧

ઢોલ, નગારાં, ભેર ને, સૂર સરણાઈ તીણાં;
સો સાબેલા શોભીતા, બેટાબેટી ઘેટીનાં. ૨

ઠીક મળી ઠઠ લોકની, જરા ઠામ ન ઠાલો;
દોડે વરનો બાપ ત્યાં, દડબડ દાઢીવાળો. ૩

સાજનનું શું પૂછવું, બકરે કરી જોરો;
ભેગાં કર્યાં છે ભાવથી, મોટાં મોટાં ઢોરો. ૪

રાતા માતા આખલા, રાખી શીંગડાં સીધાં;
આગળ માર્ગ મુકાવતા, પદ *પોલીસ લીધાં. ૫

---

* જાણે પોલીસનું કામ કરતા હોય, તેમ તેઓ માર્ગ મુકાવતા જાય છે.

સાજને શ્રેષ્ઠ ઊંટડા, હીંડે ઉંચી ઓડે;
એનાં અરાડે વાંકડાં, કામદારોની ગોડે. ૬

હારમાં એક બે હાથી છે, મોટા દાંતજવાળા;
નીચું ન્યાળીને ડોલતા, હીંડે શેઠ સૂંઢાળા. ૭

હાથી ઘોડા તો છે ઘણા, હાર રોકતા પાડા;
કાળા ઢઢંગા ને થયા, ખડ ખાઈ જડ જાડા. ૮

આંખ ફાટી છાતી નીસરી, કરતા ખૂબ ખુંખારા;
હીંડે ઉછળતા ઘોડલા, સાજન રઈ સારા. ૯

ટટ્ટુઓ ટગુમગુ ચાલતાં, પૂઠે ગરીબ ગધેડા;
હા જી હા જી કરી હીંડતા, *ડીફાં વિના અતેડા. ૧૦

હારોહાર હજારો આ, માંહેમાંહે લપાતા;
કેણુ આવે કામળ ઓઢીને, એ તો ગાડર માતા. ૧૧

પીતરાઈઓ વહેવાઈના, એને અટલ ન કોડી;
આડાઅવળા એકેકની, પૂઠે જાય જો દોડી. ૧૨

બકરા તો વરના બાપ છે, હોય એનું શું લેખું!
શું સાગર શીંગડાં તણો, હું તે આજે આ દેખું! ૧૩

વરનો તે ઘોડો આવીઓ, વાજે વાજાં વિલાતી;
ભેર ભૂંગળ ને ઝાંઝરી, ભેગું ભરડતી જાતી. ૧૪

વરરાજા બે માસનું, બાળ બેં બેં કરતું;
ઝડપાયું ઝપ ઝોળીમાં, મન માડીનું ઠરતું. ૧૫

મંગળ બકરીબાઈ તો, ગાય હરખી હરખી;
જોડે જાંઝરણી ઘણી, કાઢે જોવાજ સરખી. ૧૬

---

* ડીફાં વિના જેને ચાલવું ફાવતું નહિ હોય એવા ગધેડા.

બકરીબાઈ એ નાતની, ને બીજી ધણીઓ;
આણી આડોશપાડોશણો, બાપડી બેનપણીઓ. ૧૭

ભેંસ, ભુંડણુ ને ઊંટડી, ઘેટી, ઘોડી, ગધેડી;
ગાય, બિલાડી, ઉંદરડી ને, એક કુતરીએ તેડી. ૧૮

વાંદરીઓ નથી વીસર્યાં, દસ વીસ આ કૂદે;
સાથે સામટાં ગાઈ સૌ, સાતે સૂરને છૂંદે. ૧૯

કોઈ બેં બેં કોઈ ભેં ભેં કરે, કોઈ ભૂંકતી ભુંડું,
કોઈ ચું ચું મ્યાઉં મ્યાઉં કરે, વેર વાળે કો કૂડું. ૨૦

હૂંક હૂંક કરતી વાંદરી, જોજો! નાચે છે કેવી!
ધન ધન બકરી! ન કોઈની, જાન તારા તે જેવી! ૨૧

ચારપગાંની જાન આ, જોડી બેપગાં સારૂ;
સમજે તો સાર નવલ બહુ, નહિ તો હસવું તો વારૂ! ૨૨

ભણવાનો વખત જાય છે.

ગરબી

(સસેચોકા)

જાય છે, જાય છે, જાય છે, રે,
આ વખત ભણ્યાનો વહી જાય છે.
થાય છે, થાય છે, થાય છે રે,
બહુ પછી પસ્તાવો થાય છે. } ટેક.

બાળપણું ભણુવાનો અવસર,
જીવના જીવતર માંહ્ય છે રે. આ વખત૦

ખેડુત જો ચોમાસું ન ખેડે,
આખું વરસ પસ્તાય છે રે. આ વખત૦

બાળપણું વીત્યું કે ભણ્યાનો,
કાળ વીત્યોજ ગણાય છે રે. આ વખત૦

ગિરફતારી પછી દુન્યાની,
તેમાં તે શું ભણાય છે રે. આ વખત૦

કદી વખત મથીને કાઢે પણ,
કુમળીજ ડાળ વળાય છે રે. આ વખત૦

પાકો કોઠીએ ચડે ન કાના,
ટપુ ટપુ વાંચો ગભરાય છે રે. આ વખત૦

ભણ્યા વિના નરનાર નિંદાને,
દુઃખદારિદ્રે રિબાય છે રે. આ વખત૦

હાલ રમત રૂડી લાગે છે પણ,
કેડે કુડી દેખાય છે રે. આ વખત૦

રમવું ખરૂં ને ભણવુંએ ખરૂં,
એજ ડહાપણુ કહેવાય છે રે. આ વખત૦

ભણ્યા વિના તો સિદ્ધિ ન ભવમાં,
ભણેજ સુખ પમાય છે રે. આ વખત૦

વિદ્યા વણુ માણુસ પશુ સરખું,
કહેવત સાચી સદાય છે રે. આ વખત૦

જન ને જનાવર જનમ સમે તો,
સમજમાં સરખાં દેખાય છે રે. આ વખત૦

પણ જન તો પંડિત બને છે,
જો જુગતું શીખવાય છે રે. આ વખત૦

વાર વાર વા'લે શીખવેથીજ,
બાળકથી બોલાય છે રે. આ વખત૦
રાખો રણે તો રહેજ મુંગું,
સમજનું મૂળ શિક્ષાય છે રે. આ વખત૦
લો સર્વે શિક્ષા શિક્ષણથીજ,
માણસ મોટું મનાય છે રે. આ વખત૦
નવલ કહે જે અભણ રહે તે,
પશુપદ પામવા ચા'ય છે રે. આ વખત૦

ગાયના ગુણ

ગરબી

(ચોચોકા)

લાગે મને, ગાય તું ઘણી વા'લી;
ઓ ગૌરી ગરીબ, ને ગુણવાળી! લાગે૦ ૧
તારૂં રૂપ મને રૂડું લાગે,
મુખ જોતાં ભૂખ બધી ભાગે. લાગે૦ ૨
ધોળું અંગ ને શીંગડીઓ કાળી,
આંખ રાંકડી, કાળી, હેતાળી. લાગે૦ ૩
તારે કંઠે ઘંટડી ઘણઘણતી,
ચારે ચરણે ઝાંઝરી ઝણઝણતી. લાગે૦ ૪
ગોવાળેથી પાછી તું વળતી,
ત્યારે ભાં, ભાં, ભાં, ભાવે ભણતી. લાગે૦ ૫
આપે ઉથલો વાછડું થનથનતાં,
પેસે પોળમાં પ્રેમે તું તે સૂણતાં. લાગે૦ ૬

હૉડે હરખે, ઉછળતી તું ઘેલી;
તોએ કોને મૂકે ન તું ઠેલી. લાગે૦ ૭

વાટે બેઠાં બાળ બચાવી લે;
એવી ડાહી દયાળુ તું દીલે. લાગે૦ ૮

મારનાર ઉપર પણ તું ભારે;
નથી કરતી રીસ અતિશય ક્યારે. લાગે૦ ૯

તેં તો ધર્મનો મર્મજ પરમ લહ્યો;
ગૂઢ *ગરીબપણાનો ગુણ ગ્રહ્યો. લાગે૦ ૧૦

તું તો રોજ પરોપકારે રાજી;
તારો જશ જગમાં છે રહ્યો ગાજી. લાગે૦ ૧૧

તું ધોળી, ને ધોળું દૂધ તારૂં;
ગુણકારી, સ્વાદભર્યું સારૂં. લાગે૦ ૧૨

દહીં, દૂધ, ઘી, માખણ ને છાશ;
જેમાં સર્વ સ્વાદ તણા વાસ. લાગે૦ ૧૩

એ પાંચે અમૃત પૃથ્વી પર જે;
તે અમ અર્થે તું તો સરજે. લાગે૦ ૧૪

બર્ફી ને પેંડા ને માવો;
બાસુદી શિખંડનો બડો લા'વો. લાગે૦ ૧૫

તે તો તારી પ્રસાદી ઓ સુખદાતા!
ગાય માતા, તું સાચીજ છે માતા. લાગે૦ ૧૬

તારા પ્રેમનો પાડ, હું કેમ વાળું?
આવ, આવ, હું હેતે પંપાળું! લાગે૦ ૧૭

---

* ગરીબાઈ—રાંકપણું- ધર્મની મુખ્ય મતલબ છે, ને તે તેં બરાબર પકડી રાખી છે.

*તારી શીંગડી, સુંદર સિંદુરે;
રંગી સોને શણગારૂં હું રે. બાગે૦ ૧૮

કરૂં ચાંદલો ને ચોખા ચોઢું;
ફુલહાર પહેરાવી નિરખું મોઢું ! બાગે૦ ૧૯

તારૂં ઝગમગતું જ્યોતિજ સરખું;
મુખ ભાળી હરખું ને નિરખું. બાગે૦ ૨૦

ધન ! ધન ! ધેનુ ! રૂપગુણધામ;
ગુણ ગાયના ગાય નવલરામ. બાગે૦ ૨૧

ચોમાસાના ચાર માસ

ગરબી

(ત્રિતાલી, અષ્ટચોકા.)

ચોમાસાના ચાર માસ છે સારા રે;
લીલી સાડી સુંદર સજે ¹ધારા. ચોમાસાના૦

ધોરી માસ અષાડ તે કહાવે રે,
વરસાદને દોરી લાવે રે;
જો કે પહેલાં કંઈક તપાવે. ચોમાસાના૦

કડકડીને પડે મેઘરાય રે,
પડે પાણી તે નેવે ન માય રે;
ધો, ધો, ધોધ બધે સંભળાય ! ચોમાસાના૦

---

* આ બે કડીમા કહ્યા પ્રમાણે ધનતેરસને દહાડે ગુજરાતના કેટલાક ભાગમાં લોકો ગાયને શણગારે છે. ¹ પૃથ્વી.

નદી નાળાં તળાવ ભરાય રે,
જળ જળ પળમાં થઈ જાય રે;
ડુબ્યું જાણે જગત જળમાંય ! ચોમાસાના૦

હોય વંન ધરી સજીવન રે,
નાચે ગિરિ પર મોર થનથન રે;
કરે કળા ને હોય મગન. ચોમાસાના૦

શ્રાવણ માસે સરવડાં હોય રે,
ગામ બહાર મેળે સૌ કોય રે;
જઈ લીલું લીલું બધે જોય. ચોમાસાના૦

માથે મેઘનો માંડવો આવ્યો રે,
નીચે લીલો ગલીચો બિછાવ્યો રે;
વચ્ચે મનહર મછ* ઝળકાવ્યો. ચોમાસાના૦

જીવ જંતુઓ નીપજે ઝાઝા રે,
જ્યાં જોઈએ ત્યાં છોડ છે તાજા રે;
શાકભાજીનો શ્રાવણ રાજા. ચોમાસાના૦

ભાદરવે તે ભડકી ઊઠ્યો રે,
"બાકીસાકીનું લો," હું ત્રૂઠ્યો રે;
કદી કહેશો ન કે "હું રૂઠ્યો." ચોમાસાના૦

એમ કહીને કડાકડી માંડી રે,
રહ્યા વાઘ ને સિંહ બરાડી રે;
વીજ ઝબુકી ગગનને ફાડી. ચોમાસાના૦

દીસે સુરજ ન, થઈ રહી હેલી રે,
આવ્યો દરીઓ ઉલેચીજ હેલી રે !
તોડી તેડ ને નદીઓ રેલી. ચોમાસાના૦

---

* મેઘધનુષ.

આસો માસે ફળી જનઆશા રે,
પાક્યાં ધાન્ય ધરતી પર ખાસાં રે;
રહે ખેડુતો ખેતરે વાસા. ચોમાસાના૦

ઊડી પંખી લાખો હરખાતાં રે,
ગાય ભેંસ બળદ ચરે માતાં રે;
ઉંચે આભ રૂપેરી જો, જોતાં. ચોમાસાના૦

ખીલ્યાં કમળો તળાવો છાયાં રે,
આ બે સારસને શી માયા રે!
જો જો ચંદ્ર, ચકોર તો ધાયા. ચોમાસાના૦

શરદ્ચંદ્ર પુનમ બલિહારી રે!
ગીત ગાય નવલ નરનારી રે!
હવે દિવાળીની તૈયારી! ચોમાસાના૦

પાંચમું ધોરણ ભણનારી બાળાઓને સારૂ

માતૃસ્તવન

ધોળ

(ચોચોકા)

જ્યારે હું હતું પશુ અજ્ઞાન રે,
નહોતું ખાન કે પાનનું ભાન રે;
ત્યારે કોણ મારી સંભાળ,
કરતું ધરી વા'લ? તે તો તુંજ માવડી!

કોણ ઊંઘતું હેતે ઉંઘાડીને,
કોણ અંગનું હીર ધવડાવીને;

થતું હુંથી અધિક પ્રસન્ન,
પોતાને મન ? તે તો તુંજ માવડી !

માથું મારી ઉછાળી હું લાત રે,
ધાવું તેમ તેમ થઈ રળિઆત રે;
કોણ મીઠડાં લેતું મુખ,
પામી મહાસુખ ? તે તો તુંજ માવડી !

મને કોણ ઉઠાડી બેસાડતું ?
મને કોણ રિઝાવી રમાડતું ?
કોણ ગાતું ઉંઘાડવા ગીત,
પ્રફુલ્લિત ચિત્ત ? તે તો તુંજ માવડી !

જરા માથું દુઃખે કદી માહરૂં,
કોણ ચોકી થતું દેખી બ્હાવરૂં ?
કરી* કરીને કડવા કવાથ,
પીતું ખુશી સાથ ? તે તો તુંજ માવડી !

કોણ શીખવતું બોલતાં ચાલતાં,
કોણ કહેતું મનોહર વારતા ?
દીઠા દા'ડી અસંખ્યજ દોષ,
તોએ ન કર્યો રોષ. તે તો તુંજ માવડી !

તારા પ્રેમના પાર પમાય ના,
તારાં કર્યાં તે કોએ કરાય ના;
અરે તેં મળમૂત્ર અથાગ,
વહ્યાં લહ્યાં ભાગ્ય ! ધન ! ધન ! મારી માવડી !

તારો પાડ શું વાળું વળાય ના,
મૂકી માથું ખોળામાં હું માયના;

---

* પથ્ય.

બોલ્યું નવલ ગમજો થઈ વાણ,
"તારૂં છે કલ્યાણ!" જય! જય! મારી માવડી!

ગુજરાતની મુસાફરી

ગરબી

(અઠસસે ચોકો, રૂપક તાલ.)

દક્ષિણમાં છે દમણગંગા, ત્યાંથી નીકળીએ પ્રવાસ રે;
અમલસાડ, વલસાડ, નવસારી, લેજો ફણુસ અનાસ.
રમીએ ગુજરાતે રે. ૧

ત્યાં શોભે કદળીવન શીતળ, શી બહેક લીંબુવાઈ રે;
આંબા ઇફ્રાના* અમૃત સરખા, હરખી કહે દેશાઇ.
રમીએ ગુજરાતે રે. ૨

સુરત શે'રનું સુંદર દરશન, સુંદર રસ્તા સારા રે;
સુંદર, નાજુક, લોક વિચક્ષણ, શોખી સફાઇ કરનારા.
રમીએ ગુજરાતે રે. ૩

ઓ! આવી બરફીની દુકાનો, ઉભા રહો રઢ લાગે રે!
પાપડી પણ આપણ આ ટાણે, પામ્યા પૂરણ ભાગ્યે!
રમીએ ગુજરાતે રે. ૪

જરૂર નાતમાં જમવા જઈએ, જમણ આવાં નથી નિરખ્યાં રે!
ચિનાઈ સાડી ચપડા ચમકે, સર્વ લખેશ્રીજ સરખાં.
રમીએ ગુજરાતે રે. ૫

---

*એ પાસના—એ મુલકમાં 'અહીં' ને બદલે ઇફ્રા કહે છે.

મેળા, ભેળા ને વરઘોડા, નાચ ને રંગ ઠામઠામ રે;
હસતાં રમતાં દીસે સદા સૌ, કરતાં હશે શું કમ?
રમોએ ગુજરાતે રે. ૬

આગળ આ હતું હિંદુસ્તાનમાં, સૌથી બંદર મોટું રે;
નામીચું દુનિયામાં તે કેમ, છેક થયું હશે ખોટું!
રમોએ ગુજરાતે રે. ૭

તાપી નાહી, લઈ લાહે ગજી, કીનખાબ કિનારી ચાલો રે;
નરબદાનો નિરખી નર પૂલ, નરનાં નરપણું[1] ભાળો.
રમોએ ગુજરાતે રે. ૮

ભરૂચની ટેકરી બહુ બાંકી, ટીંબાં ચઢજો તપાસી રે;
ટેડી પાઘડી કકડતાં કપડાં, રૂમાલ તો ફરમાસી.
રમોએ ગુજરાતે રે. ૯

ભાંગ્યું ભાંગ્યું પણ એ છે ભરૂચજ, ભૃગુનો આશ્રમ કહાવે રે;
શે'ર જુનું ગુજરાતે આજે પણ, રૂ બહુ રેલ[2] ચડાવે.
રમોએ ગુજરાતે રે. ૧૦

ત્યાં કબીરવડ જોવા જાજો, જગમાં જે છે નવાઈ રે;
જોઈ ડભોઈ પાછા વળજો, માળમાં[3] માલ ન કાંઈ.
રમોએ ગુજરાતે રે. ૧૧

મેલ્યું ભરૂચ કે આવ્યું કા'નમ, કાળી ધરતી રસાળી રે;
જ્યાં ચોમાસે જાય કળી પગ, કણબી કન્યા દે ગાળી.
રમોએ ગુજરાતે રે. ૧૨

મિઆંગામ ઈટોલા આવે, આવે ઝાડનાં ઝુંડ રે;
ઝાડે ચારે તળ ચરોતરનું, સોદરૂં આ છે પ્રચંડ.
રમોએ ગુજરાતે રે. ૧૩

---

૧ મરદાઈ, પરાક્રમ. ૨ રેલવેને માર્ગે. ૩ પંચમહાલનો માળ પ્રદેશ.

વડોદરે નિર્ભ્રાન્ત ઉતરજો, નથી મલ્લારરાવ ઘેલો રે;
દાણનું દુઃખ તો છે હજી કાયમ, ગાંઠડી હેઠે મેલો.
રમીએ ગુજરાતે રે. ૧૪

લક્ષ્મીવિલાસ ને મોતીબાગ ને, નજરબાગનો મિનારો રે,
જો જો સવારી સાઠમારી ને, નૃપ નવીન પ્રમાણો.
રમીએ ગુજરાતે રે. ૧૫

પાન ને પર્વળ લઈ પરવરીએ, શો ઉંચો પૂલ મહીનો રે;
"આવી મહીં ને ચિંતા થઈ!", એ ઉખાણો હતો અહીંનો.
રમીએ ગુજરાતે રે. ૧૬

આપે જણાય છે આવ્યું ચરોતર, બોલી ને બુદ્ધિ જ્યાં જાડી રે;
જાડી પણ ગાઢી કસવાળી, ધંધેકાસરે[1] હદ વાળી.
રમીએ ગુજરાતે રે. ૧૭

હોય જવું વડતાલ કે ડાકોર, તો વચમાંથી વિચરજો રે;
કપડવંજે કાચ ને સાબુ, જોઈ સુધારો કરજો.
રમીએ ગુજરાતે રે. ૧૮

આવી આનંદે પાછા આણંદે, કે નડિઆદે મળજો રે;
મહમદશાહનું શે'ર જોઈને, અમદાવાદે વળજો.
રમીએ ગુજરાતે રે. ૧૯

અમદાવાદે આદે હતી બહુ, ગાદી મોટી પાદશાહી રે;
જ્યાં ત્યાં મસીદ ને તોડા[2] તે હજી, યાદ આણે છે ભાઈ!
રમીએ ગુજરાતે રે. ૨૦

જુમામસીદ તો છે શી મોટી, મહુમદશાનું સેન સમાય રે;
જુમામસીદ જોતાં તે વખતની, ઝાંખી આજે થાય.
રમીએ ગુજરાતે રે. ૨૧

---

૧ કરકસર કરવાનો ગુણ. ૨ નાના મિનારા.

ભદ્રની શોભા છે બહુ સારી, ત્રણ દરવાજે કમાન રે;
હઠીસીંગને દહેરે આરસ, ઓપે હીરા સમાન.
રમીએ ગુજરાતે રે. ૨૨

શાહઆલમ સરખેજની શોભા, શી રીતે વર્ણાય રે!
અસલી ઇમારત હુન્નર આગળ, ઈજનેરી લજવાય.
રમીએ ગુજરાતે રે. ૨૩

રાજનગરના જન ઉદ્યોગી, કોડાલા કસરની સાથે રે;
વિવેકી ને વળી પરગજુ પણ, તન, મન, કણ[1] ત્રણ વાતે.
રમીએ ગુજરાતે રે. ૨૪

રસમાં છે અહીં છપ્પા સામળ, કવિનાં પૂરણ કામ રે;
જેમ સુરતમાં પ્રેમાનંદ ને, વડોદરે દયારામ.
રમીએ ગુજરાતે રે. ૨૫

ગઈ પાદશાહી ઘણા દિવસથી, પણ શાહે[2] રંગ રાખ્યો રે;
બાંધી સાડાત્રણ તાંતણે શે'રને, ધંધો ધોકો દાખ્યો.
રમીએ ગુજરાતે રે. ૨૬

ધોતીજોટા, પાતાંબર, સાડી, જે જોઈએ તે લેજો રે;
બાર બોલાવે બો'તેર આવે, કોક દલાલને કહેજો.
રમીએ ગુજરાતે રે. ૨૭

આવે દલાલ ને લાવે લટકતા, વેપારી ટોળેટોળાં રે;
લઢે વઢે, દે ગાળ, ખેંચે સમ ખાય, કરે કાગારોળ.
રમીએ ગુજરાતે રે. ૨૮

---

૧ ચપટી દાણો. ૨ વેપારી વાણીઆઓ.

આવી અગાડી ગાયકવાડી, ઘોડા ફરે મદમાતા રે;
વડનગર અને વીસનગરે, જાવું પણ નથી જાતા
રમીએ ગુજરાતે રે. ૨૯

સરસ્વતીતીર સુંદર સિધપુર, કપિલ મુનિનું ધામ રે;
પાટણ પ્રાચીન રાજધાનીને, અહીંઆંથીજ પ્રણામ.
રમીએ ગુજરાતે રે. ૩૦

કાઠિઆવાડે હાલ નથી ભો, હાલો+ તે ભણી જઈએ રે;
દેશી રાજનાં દુઃખડાં દેખી, દિલમાં દુઃખીઆં થઈએ.
રમીએ ગુજરાતે રે. ૩૧

રેત ગઈ ને પા'ણા આવ્યા, ઝાડનું દેખું ન નામ રે;
ખરે સૌરાષ્ટ્ર તો ખનિજ ખજાનો, ખોલ્યાનો ખરો ઠામ.
રમીએ ગુજરાતે રે. ૩૨

પ્રથમ જુનાગઢ ચાલો જોઈએ, નરસિંહ મે'તાનો ચોરો રે;
છતું કર્યું ગુજરાત સપૂતે, એનો પાડ ન થોડો.
રમીએ ગુજરાતે રે. ૩૩

જામનગર મચ્યું રાગ ને રંગમાં, ભાવનગર ભળપણમાં રે;
પહેલા વર્ગનું ચોથું ધ્રાંગધ્રા, પોરબંદર હાલ ગણમાં.
રમીએ ગુજરાતે રે. ૩૪

સુદૃઢ, તીખા, શોખી, શાણા, મતલબી, ખટપટવાળા રે;
મીઠા તો મધથી પણ અદકા, લોક આણીકોર ભાળ્યા.
રમીએ ગુજરાતે રે. ૩૫

જોવા લાયક રાજ્ય રહ્યાં બહુ, પણ કહોને શું કરીએ રે!
રાજાધિરાજની રાજધજા જ્યાં, રાજકોટે જઈ ઠરીએ.
રમીએ ગુજરાતે રે. ૩૬

+ ચાલો.

દરેક બીજાં રાજ બધાં ત્યાં, આવી પ્રસંગે જાશે રે;
જોઈ રહ્યા, કે વળશું પાછા, પ્રવાસ પુરો થાશે.
રમીએ ગુજરાતે રે. ૩૭

રહી ગયું જોવું દીવ બંદર, ને ધોળેરું, ધોધું રે;
ખારેઘોડે ખૂટે ન મીઠું, પાણી પણ જ્યાં મોંઘું.
રમીએ ગુજરાતે રે. ૩૮

પશ્ચિમે દ્વારિકા, પૂર્વે કાળી, ઉત્તરે અંબા માત રે;
દક્ષિણે કુંતલેશ્વર એ છે, ચારે ચોકી ગુજરાત.
રમીએ ગુજરાતે રે. ૩૯

ઉના પાણીના કુંડ લસુંદ્રા, ગોધરા, ને ઉનાઈ એ રે;
ગંધક તો ગંધાય છે ખુલ્લો, રામ સુધી શીદ જઈએ?
રમીએ ગુજરાતે રે. ૪૦

વિમળશાહનાં દે'રાં બળેલાં, લાવા રસમાં+ દટાયાં રે;
જોતાં જાણે જ્વાળામુખીનું, જોર જે જન છે ડાહ્યા.
રમીએ ગુજરાતે રે. ૪૧

રહી છેવાડે છાવણી ડીસા, હવાપાણી જ્યાં સારાં રે;
પાલણપુર ઉપરથી થઈ ને, આબુજી જોવા ધાર્યા.
રમીએ ગુજરાતે રે. ૪૨

વળી વનસ્પતિ વિધવિધ ઔષધિ, જૈન દે'રાં જયકારી રે;
"અઠે કઠે" કરનાર મેવાડ ને, મારવાડની અહીં બારી.
રમીએ ગુજરાતે રે. ૪૩

+ પૃથ્વીની અંદર જે બળતો રસ છે, તે જ્વાળામુખી ફાટે ત્યારે બહાર ઉભરાઈ આવે છે.

વાદળાં અંગે અડકી હીંડે, ટાઢે જવાય ઠુઠવાઇ રે;
પાલીતાણે, ગીરનાર, શેત્રુંજે, ભૂલ્યા આપણે જવું ભાઈ.
રમીએ ગુજરાતે રે. ૪૪

રાધનપુર જઈ રણને ઝાંખવું, કચ્છભૂજ જ્યાંથી જવાય રે;
માંડવી બંદરથી ઉપડતાં, મુંબઈ બોટે[1] અવાય.
રમીએ ગુજરાતે રે. ૪૫

મુંબઈ તો અલબેલી કહાવે, જાણીતી જગમાંહ્ય રે;
વિદ્યા, હુન્નર, વેપાર ને રાજનું, નૂર **નવલ** શું ગાય.
રમીએ ગુજરાતે રે. ૪૬

ચૈત્ર માસનું ચિત્ર

ગરબી

(ચોક્કા)

ચતુર, ચૈત્રને વસંતવર્ગે શીદ ભણ્યો જો?
લોકે કયારનો ઉનાળે ગુણ લેખી ગણ્યો જો? ચતુર૦
પડે તાપજ બપોરે, તોબા તે થકી જો;
રૂડી રાત્રિ ને સવાર, સાંજ છે નકી જો. ચતુર૦

રાતે નિર્મળા આકાશે, તારા ઝગઝગે જો;
ચોગમ ચાંદનીમાં ચંદ, ચારુ ચમચમે જો. ચતુર૦

સાંજે વા'ણે શીતળ મંદ, પવન વાય છે જો;
એથી નિશાળો સવારમાં, ભરાય છે જો. ચતુર૦

પણ જંત્ર વેળા ધરતી, ધગી જાય છે જો;
છત્રી જોડા વિના ડગલું, ના મુકાય છે જો. ચતુર૦

---

૧ આગબોટ.

પડે તાપ તપે તાલકું, માથું ભમે જો;
લોહી ઉકળે ને આવે, ઊંઘ આ સમે જો. ચતુર૦

ઊંઘે વાઘ નાગ આદિ, શોધી છાંયડા જો;
બેઠાં ઝાડ પર, જો ડોલાં ખાય પંખીડાં જો. ચતુર૦

પેઠાં માળામાંએ બાળપંખી તરફડે જો;
નવલ કહે લાગે લૂ, બાળક બહાર રડવડે જો. ચતુર૦

वैशाख मासनुं चित्र

લૂ લૂ લૂ વૈશાખે શાખે શાખો લાધીઓ જો!
આ શું પૃથ્વીએ પંચાગ્નિ જોગ સાધીયો જો! લૂ લૂ લૂ૦ ૧

જાણે ભઠ્ઠીનીજ પાસ ઉભાં આપણે જો;
એવા તડકાના ભડકા લાગે બારણે જો. લૂ લૂ લૂ૦ ૨

આંખે આવે અંધાર તડકે તાકતાં જો;
વને વનચરો જળ ઝાંઝવાંનાં ઝાંખતાં જો. લૂ લૂ લૂ૦ ૩

ગોંધાઈ ઘરમાં બેઠે ન ચેન આ ઘડી જો;
આવે ઝાળ ને ઝલ્લાઈ જાય ચામડી જો. લૂ લૂ લૂ૦ ૪

ગામ બહાર લૂને ઝપાટે ઘાસ છોડવા જો;
ગયા સુકાઈ સીમાડા મસાણ સમ હવા જો. લૂ લૂ લૂ૦ ૫

બોડાં બોડાં બહુજ ઝાડ પણ દીસે ખરાં જો;
વાયા વાયરા ને ખરર ખર્યાં પાતરાં જો. લૂ લૂ લૂ૦ ૬

વાંસનાં વન સળગી ઊઠે આ સમે જો;
દારુણ દવ બધુંજ બાળતો ચોગમ ઘૂમે જો. લૂ લૂ લૂ૦ ૭

પશુ, પક્ષી, વૃક્ષ, વલ્લી પ્રલય થાય છે જો;
ઉજડ ઉજડ નવલ જંગલો જણાય છે જો. લૂ લૂ લૂ૦ ૮

જેઠ માસનું ચિત્ર

આવ્યો જેઠ ને ભફાઈ ચાલ્યાં બાફથી જો !
ફૂટે છે ફુવારા જોને રોમ રોમ જો. આવ્યો જેઠ૦ ૧

એવાં ઝરણું ઝાઝાં મળી નદી વહે દીલે જો;
ટીપાં ટપકે ટપ કપાળે, ગાલે ને ગળે જો. આવ્યો જેઠ૦ ૨

જળ જેટલું ઝરે છે, તેટલું ખરે જો;
પાણી પાણી કરી પ્રાણ, પાછું લે અરે જો. આવ્યો જેઠ૦ ૩

સુકી જીભ ને જનાવરો દોડે વન જો;
હતાં જે સૂતાં સંતાઈ ગુફાને ખુણે જો. આવ્યો જેઠ૦ ૪

મળે જળ ન, જળ વિના સૌ બ્હાવરાં થયાં જો;
નદી નાળાં ને તળાવ તો સુકાઈ ગયાં જો. આવ્યો જેઠ૦ ૫

પાણી કુવાનાંએ કમી થઈ જાય છે જો;
લાંબા દહાડલા આ દોહલા કહેવાય છે જો. આવ્યો જેઠ૦ ૬

ઘણાં હોય છે તોફાન દરીઆ પરે જો;
ચડી વા વંટોળે જળથળે જુલમ કરે જો. આવ્યો જેઠ૦ ૭

ધરણીથી ઉડાવી ધૂળ ગગને લઈ ચડે જો;
આંધી હોય ને દબાય આદમી ઊંટ દડે* જો. આવ્યો જેઠ૦ ૮

વા'ણો ડોલી, સઢ તોડી ચકડોળે ચઢી જો;
ડુબે દરીઆમાં જોને મરણબૂમ પડી જો ! આવ્યો જેઠ૦ ૯

મહાસાગરે જળસ્તંભ થઈ મેઘે મળે જો;
રણે રેણુના રે નવલ થાતા હળહળે જો. આવ્યો જેઠ૦ ૧૦

---

* ધૂળના ઢગલા.

ભક્તિનું પરોઢીઉં

રાગ પ્રભાત

(ચોઝલા)

ઝૂડી પ્રભાતે સમરીએ-રાગ.

શાંત શાંત સકળ સ્થળે શાંત ચિત્ત સારૂં;
શાંતિનો દાતાર સાર, શ્રીપ્રભુ સંભારૂં. શાંત શાંત૦ ૧
પૂર્ણ બ્રહ્મભક્તિનું પરોઢીઉં છે આજે;
પ્રફુલ્લ ઉલ્લ કમલ પલ્લવ બુંદ આનંદ આજે. શાંત શાંત૦ ૨
મોહરાત્રિનો કાળાશ ઝાંખો થયો ભાઈ;
પાપરૂપ પોયણી આપે ગઈ બિડાઈ. શાંત શાંત૦ ૩
શીતળ, સુગંધિત, મંદ ચિદાનંદ પવને;
જાગ્યો જીવ જગાડે જગત, ગંભીર ગૂઢ કવને. શાંત શાંત૦ ૪

છઠ્ઠું ધોરણ ભણનારી બાળાઓને સારુ.

પ્રભાતનું વર્ણન

પ્રભાતીઉં

(અષ્ટચોકા)

જાગો, જાગો રે, મારાં ઉજમાળાં બેનો કે,
વા'ણેલાં ભલાં વાયાં રે! ટેક.
જાગ્યાં જાગ્યાં રે, મોર પોપટ મેના કે, વા'ણેલાં૦ ૧
ધીમે ધીમે રે, બોલ બોલે રસાળા કે, વા'ણેલાં૦
જાણે જાણે રે, એ જગાડે છે બાળા કે, વા'ણેલાં૦ ૨

બીજાં બીજાં રે, બા'ર પંખી કલોલે કે, વા'ણેલાં૦
ઊડે ઊડે ને, મીઠું મીઠુંજ બોલે કે, વા'ણેલાં૦ ૩

ચીં ચીં ચીં ચીં રે, કરે ચકલી આનંદે કે, વા'ણેલાં૦
રમે રમે રે, ખીસકોલી સ્વચ્છંદે કે, વા'ણેલાં૦ ૪

બોલે બોલે રે, ગાય ભેંસ ગોશાળે કે, વા'ણેલાં૦
નાચે નાચે રે, નાનાં વાછરૂં વા'લે કે, વા'ણેલાં૦ ૫

જોજો જોજો રે, ઉંચે પંખી આકાશે કે, વ'ણેલાં૦
ચક્કર ચક્કર રે, ફરે કુદડી ઉલ્લાસે કે, વા'ણેલાં૦ ૬

ઉંચો ઉંચો રે, ચડયો સૌથી ચંડોળ કે, વા'ણેલાં૦
ગાતો ગાતો રે, રસે ઝાકમઝોળ કે, વા'ણેલાં૦ ૭

ગાએ ગાએ રે, ગુણીજન બ્રહ્મનામ કે, વા'ણેલાં૦
હરખે હરખે રે, આખું જગત આમ કે, વા'ણેલાં૦ ૮

હસી હસી રે, ઊઠયાં વૃક્ષ ને વેલા કે, વા'ણેલાં૦
ખીલ્યાં ખીલ્યાં રે, મન કમળ આ વેળા કે, વા'ણેલાં૦ ૯

ઊગે ઊગે રે, સુરજ સુખધામ કે, વા'ણેલાં૦
તેનો તેનો આ ઓચ્છવ ઠામઠામ કે, વા'ણેલાં૦ ૧૦

ભાળે વા'ણે એ, સૌ ઉગમણી દીશ કે, વા'ણેલાં૦
રાતી રાતી જો, સોનેરી અતીશ કે, વા'ણેલાં૦ ૧૧

ઓ ! આ ઊગ્યો રે, જગ ઝગમગ્યું સંધુ કે, વા'ણેલાં૦
જાણે ઝબકોળી રે, કાઢયું જ્યોતિને સિંધુ કે, વા'ણેલાં૦ ૧૨

દીપી દીપી રે, ઊઠયા બાગબગીચા કે, વા'ણેલાં૦
ઝળકયા ઝળકયા રે, લીલા ઘાસે ગલીચા કે, વા'ણેલાં૦ ૧૩

જય જય જય જય રે, ભણી ઋષિઓ ઉભેલા કે, વા'ણેલાં૦
હેતે હેતે રે, ધરે ધ્યાન આ વેળા કે, વા'ણેલાં૦ ૧૪

ધ્યાને ધ્યાને રે, પરિબ્રહ્મને ધારે કે, વા'ણેલાં૦
માગે માગે રે, સદ્‌બુદ્ધિજ પ્યારે કે, વા'ણેલાં૦ ૧૫

સાચે સાચે રે, સમો ભક્તિનો આ છે કે, વા'ણેલાં૦
સહેજ સહેજ રે, સંધ્યા વંદન સાચે કે, વા'ણેલાં૦ ૧૬

આ છે આ છે રે, સુખધામનો કાળ કે, વા'ણેલાં૦
જે કોઈ જાગે રે, તેનાં ભાગ્ય વિશાળ કે, વા'ણેલાં૦ ૧૭

આવે આવે રે, મંદ શીતળ પવન કે, વા'ણેલાં૦
બે'કે બે'કે રે, શી સુગંધી આ વન કે, વા'ણેલાં૦ ૧૮

તાજાં તાજાં રે, થાય તન ને મન કે, વા'ણેલાં૦
વાધે વાધે રે, વય, વિદ્યા ને ધન કે, વા'ણેલાં૦ ૧૯

इतिहासनी आरसी

गरबी

(છચોકા)

ઇતિહાસની આરસી સાહી, મેં જોયું માંહી;
થીર થાવર દીઠું ન કાંઈ, ફરતી છે છાંઇ! ૧

આ મુલક બધામાં આજ, કયાંના કયાં રહેતા;
ઇંગ્રેજ કરે છે રાજ, જગમાં જશ લેતા. ૨

પણ એંસીજ વર્ષ પછાત, જો જોઈએ એ ઝાંખી;
દીસે દક્ષણીઓ ગુજરાત, ઘૂમતા ડર દાખી. ૩

શો પેશવાઇનો દોર, પુનેથી સંચરતા;
બહુ ચકરા જાલમ જોર, "ઇકડે યા" કરતા. ૪

માંઝા રાજે અધર્મ અપાર, ધર્મનું કહાવે જે;
કરી ચાર દિવસ ચમકાર, શુન્ય થયું સહેજે. ૫

પેશ્વાઈ પહેલાં મુગલાઈ, ચાલતી ચોપાસે;
અહીં સ્થાપી અકબરશાહી, બાંધી નીતિ પાસે. ૬

નહિ જુલમ, ન ઝાઝું દાણ, નહિ પક્ષાપક્ષી;
દીધું દેશીને માન સમાન, દેશાઈગીરી બક્ષી. ૭

ટકી બસેં વરસ મુગલાઇ, તે આને યોગે;
જ્યારે રાજનીતિ બદલાઇ, પડી મરવા રોગે. ૮

આ બસેં વરસ પણ બાદ, કરી જો પછવાડે;
પાદશાહી અમદાવાદ, સ્વતંત્રપણે લાડે. ૯

"કુત્તે પર આયા સસ્સા–બસાયા શે'ર શાહને."
આ આશા બીજાને અસા–વળે ગમ્યું તેજાંને. ૧૦

થયો મહમદ બેગડો એક, છેક મહા મોટો;
બાંધ્યા મસીદ મિનારા અનેક, શે'ર, સણંગ કોટો. ૧૧

હતો જબરદસ્ત મહા શૂર, મહા મોટો જંગી;
ચડી વા'ણે લડી ચકચુર, કર્યા બહુ ફિરંગી. ૧૨

પણ ચારસેં બાર અગાઉ, હતું એ ક્યાં શે'ર જ;
હવે પાટણપુરને ગાઉ, થયો આકરા કેરજ. ૧૩

સન તેરસેં પુરાં માંજ, થયા હિંદુ પુરા;
પડયું પાટણ વરત્યો ત્રાજ, ધિક! નાગર નગુરા! ૧૪

પેઠા મુલકમાં મુસલમાન, "મારૂં મારૂં" કરતા;
લૂંટે ઝૂંટે વટાળે, લે જાન, વહુ દીકરી હરતા. ૧૫

લડ્યા પડ્યા હજારો શૂર, "ભલે મારીએ મરીએ;"
વહ્યું લોહી, જેમ જળપૂર, ડૂબ્યો દેશ તે દરીએ! ૧૬

એ દિવસ પડી જે પોક, હજી ગગને ગાજે !
એ દિવસ દેશીઓ શોક, કરોને મળી આજે ! ૧૭

એ દિવસ થકી પરતંત્ર, થયા લાગી ખાંપણુ રે !
એ આગે હતા સ્વતંત્ર, હિંદુ સૌ આપણુ રે ! ૧૮

વધ્યો શોક થંભ્યું મુજ ભાન, જ્ઞાન આ એકજ રે;
વિના ધર્મ નવલ, આ સ્થાન, ચલિત સૌ છેકજ રે. ૧૯

वसंतवर्णन

होरी

પચરંગી પટકુલ ધારી,
દીપે કુદરત આ રતે ન્યારી.

કુમળાં ચળકતાં વૃક્ષે સજ્યાં, નવ પલ્લવ જુનાં ઉતારી,
આંબે મોર અથાગજ ઝૂલે, જાણે કલગીઓ સારી;
વસંતની આવી સવારી ! દીપે૦ ૧

વીંટી વળી વેલી સૌ સૌને, વૃક્ષે હસ્ત પ્રસારી,
ફૂલનાં ઝુમખે ઝુમખાં જે પર, રંગબેરંગી અપારી !
ઝૂલે ઝાડો ફૂલ ભરી ભારી ! દીપે૦ ૨

ફૂલભરી ડાળો ડોલે, ખરે ફૂલ, પથરાઇ ફૂલની પથારી,
ભ્રમર હજારો ગુંજાર કરંતાં, સુગંધી લેતાં ગયા હારી !
બધું રહ્યું બહેક જ્યાં મારી ! દીપે૦ ૩

ફૂલભરી ડાળો ડોલે હિંડોળે, બેઠાં પોપટ મેના પ્યારી,
ને નવરંગી અવર બહુ પંખી, મધુર કરે રવ તારી;
કોયલની છે બલિહારી ! દીપે૦ ૪

કોયલો કૂકૂ કૂકૂ કૂકૂ કરી રહે, પંચમ સૂર અનુરાગી,
ઘટ્ટ ઘટામાં પડઘા પડે ને, કુંજ દીપી રહીં સારી;
મનોહર કામણગારી ! દીપે૦ ૫

દ્રાક્ષને માંડવે લાખો દરાખો, લીલી લોચનઠારી !
કુમળા બપોરના તાપે તરસ્યાના હાથ લોભાવનારી;
કંઠે ઠંડક કરનારી ! દીપે૦ ૬

ઊગ્યા ગુલાબ, ને આવી ગુલાબી, ટાઢની તો હવે વારી !
વાયે સવારમાં મંદ સુગંધિત, શીતળ સમીર સુખકારી;
અંગે ઉમંગ વધારી ! દીપે૦ ૭

રંગ્યાં ઉમંગ્યાં પશુ, પંખી, નર, નાર, કુમાર, કુમારી,
સર્વે સજોડે રમે, જમે કોડે, સર્વ કરે મઝાદારી;
મુખે મીઠી હોરી ઉચ્ચારી ! દીપે૦ ૮

હોરીના સૂર ઘૂમી રહ્યા ચોગમ, ચોગમ લગન છે જારી,
લગનસરા તો વસંતેજ સોહે, વસંત છે લગન આચારી !
જેણે રચી અજબ તૈયારી ! દીપે૦ ૯

એ રીતે આ રતે પાંચે ઇંદ્રિયો, ને હૃદય રીઝયાં સંસારી,
હોળીરમણ, આ હરખભરણની, રીત સ્વાભાવિક ધારી;
ગણો ચાલ ગંદી નઠારી ! દીપે૦ ૧૦

સંત સ્તવે ભગવંત વસંતે, ઉચ્ચ સ્વરે લલકારી,
જેણે જગતમાં ચોગમ ફરતી, આવી અનુપ ઉપકારી;
લલિત લીલા વિસ્તારી ! દીપે૦ ૧૧

જય ! જય ! જય ! સચરાચર સુંદર, જય ચિદ્રૂપ ભયહારી,
જય ! જય ! એક અકળ, બ્રહ્માંડ, અખંડ અખિલ વિહારી;
નવલ તનમનના ધારી. દીપે૦ ૧૨

ગુણનું કજોડું–વ્હેમી સ્ત્રીનું વર્ણન

ગરબી

(સમછક્કો)

કેવું આ કજોડું તે કહેવાય, દેશી કહોને તમે, કેવું આ૦ ટેક

પુરુષ તો ભણ્યો ને ગણ્યો છે ઘણો ગુમાની આ;
સ્ત્રીથી ના સ્વભાષા શુદ્ધ બોલાય. દેશી૦ ૧

ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં ઘૂમે છે;
બાઈનું ચિત્ત ચુલામાંહ્ય. દેશી૦ ૨

પુરુષ આ પ્રવીણ પુરો પુસ્તકો રચે છે;
પેલીથી ન પત્રએ વંચાય. દેશી૦ ૩

ભાઈ તો સ્વદેશને સુધારવા મથે છે;
બાઈ કહે 'હું જોઉં શી રીતે થાય.' દેશી૦ ૪

પુરુષ ધૂર્ત ઢોંગીનાજ ઘાટમાં ફરે છે;
તે તો ઘેર પેલીથી પૂજાય. દેશી૦ ૫

ભાઈ તો સભામાં જઈ સુભાષણો આપે;
બાઈ જઈ રાજવીઓ ગાય. દેશી૦ ૬

પુરુષ તો પધારે સુધારાની મંડળીમાં;
પેલી પાપી મંડળીમાં જાય. દેશી૦ ૭

ભાઈ તો નસીબનો નકાર કરે મૂળથી;
બાઈ તો ઝરોડા પૂંઠે ધાય. દેશી૦ ૮

પુરુષ તો પવિત્ર પરમ ઈશને પૂજે છે;
ગોવાળની ગલીચીં પેલી ચાહ્ય. દેશી૦ ૯

ભાટડો ન ભૂલથીએ ભુંડું કદી ભાખે;
ભુંડણી વિવાહે વિષ્ટા ખાય. દેશી૦ ૧૦

દેશીઓ ન દોષ દેશો, જો કદી એ બાપડો;
હારી કરે એ પીડા વિદાય. દેશી૦ ૧૧

છેકજ જ્યાં આવી રીતભાત મતિ જુદી છે;
પ્રીત તે શી રીતરે બંધાય. દેશી૦ ૧૨

વાત શું કરે ને અરે ચીત તે શું એ કરે ?
એક એકને ન જ્યાં સુહાય. દેશી૦ ૧૩

ચાલતા વહેવારની તો વાતજ તજવી;
એણેજ રણુસ્તંભ રે રોપાય. દેશી૦ ૧૪

વિદ્યાના વિનોદકેરી વાત કદી કહાડે;
બ્હીલું બ્હીલું પેલી જોય ત્યાંહ્ય. દેશી૦ ૧૫

વર્તમાનની વાત એને નહિ ગોઠે;
એની તો જુદીજ છે દુનિયાય. દેશી૦ ૧૬

એને ઝોડઝપટની, કે કામણુટુમણુનીજ વાત;
કે કૂટવા જવાની રે સહાય. દેશી૦ ૧૭

તો જાણે ખાવું પીવું ને પહેરવું ને ઓઢવું;
કે નજર ઉતારના ઉપાય. દેશી૦ ૧૮

ઝાઝું શું કહેવું રે થોડું લખે ઘણું માનજો;
અભણુ વ્હેમી મુરખની એ રાય. દેશી૦ ૧૯

વચનું રે કજોડું કદી હોય, હાય હાય થઈ;
ભુંડું ભુંડું ભુંડું બહુ ભણાય. દેશી૦ ૨૦

રૂપનું કજોડું પણ વિરૂપ રે મનાય છે;
ગુણનું કજોડું ના ગણાય ? દેશી૦ ૨૧

કેમ રે લગાર કંઈ વિચાર કરો, નાર નહિ કે;
નરથી આ કજોડું કેમ વેઠાય ? દેશી૦ ૨૨

ગુણોનું કજોડું સર્વથી સંસારમાં;
લાભ જેની ના કદી હોલાય. દેશી૦ ૨૩
લાભ એ લાગી રહી છે ઠામઠામ નવલરામ;
આંખ જો ઉઘાડો તો દેખાય. દેશી૦ ૨૪

बाळलग्ननां तमाम नुकसाननो उपसंहार

गरबी

(સસચોકા)

હારે નામ બાળલગનનું બાળો !
બાળો કે ખાડામાં ઘાલો રે ! નામ બાળ૦ } ટેક૦

બાળલગનનું નામજ સૂણતાં, આવે મને કંટાળો રે; નામ૦
બાળલગનનું દુઃખ દેખીને, દેશ થઈ ગયો કાળો રે; નામ૦
બાળ બિચારૂં શું સમજે એમાં ? ઠાઠ શો માંડયો ઠાલો રે; નામ૦
દૈવ ઉપર શીદ દોષ મૂકો છો ? પ્રકૃતિ વિરુદ્ધજ ચાલો રે; નામ૦
બાળલગનની ભુંડી રૂઢિ, આંખ ઉઘાડી ભાળો રે; નામ૦
ભુંડી રંડાએ સુકવી નાખ્યા, સુંદર દેશ રસાળો રે; નામ૦
બાળલગનથી તો બાળકબળનો, પાયો પૂર્ણ પ્રજાળ્યો રે; નામ૦
ઉદ્યમ હોંસ પરાક્રમ આદિ, સ્હેજે બળી ગઈ ડાળો રે; નામ૦
બાળલગનથી તો વિદ્યાવૃદ્ધિનો, મારગ મૂળથી ખાળ્યો રે; નામ૦
"ભટ્ટ ભણ્યા તો કે પરણ્યા છીએ, ધનમાં આ ઉભી ધાડો રે"; નામ૦
બાળલગને બળબુદ્ધિ હરીને, સુખનો સંભવ ટાળ્યો રે; નામ૦
હુન્નરકળામાં પાછળ પાડી, પૈસો વિલાતે વાળ્યો રે; નામ૦
બાળલગનથી હોય કજોડાં, દુઃખ દુઃખ જેમાં હજારો રે; નામ૦

બાળલગને હડહડતો આણ્યો, કળજુગ કાળ કરાળો રે; નામ૦
બાળકનાં માબાપ બને છે, બાર વરસનાં બાળો રે; નામ૦
લાળલગ્ને તો ઢીંગલા ઢીંગલી, સરખાં બન્યાં નરનારો રે; નામ૦
ભર જોબનમાં ઘડપણ આવ્યું, આણ્યો મરણનો વારો રે; નામ૦
બાળલગન બન્યો બળહીન બીકણ, આપણો સઘળો રસાળો રે; નામ૦
બાળલગને અરે બાયલો કીધો, ભરતનો ખંડ યશાળો રે; નામ૦
બાળલગને દુઃખ સકળનું મૂળજ, કળિજુગ એજ વિચારો રે; નામ૦
બાળલગન તજી, નવલ સ્વજન સૌ, દેશને ડૂબતો તારો રે; નામ૦

फीमेल ट्रेनिंग कोलेजमां अभ्यास करनार सारु

लाडी-विदाय

गरबी १ली

(સપ્તચોકો ત્રિતાલ)

આજ હોય સાસરે લાડી વિદાય રે,
આશરે, ઈશ તારે.

ઈશ, તું રક્ષણ કરજે રે એનું;
એનું ન અન્ય કો ત્યાંય રે. આશરે૦ ૧

સાસરી હોય સુંવાળી ઘણેરી;
તોપણ કઠણ કહેવાય રે. આશરે૦ ૨

ગામ અજાણ્યું ને ઠામ અજાણ્યું;
જન અજાણ્યા માંહ્ય રે. આશારે૦ ૩

ખાવું પીવું પણ પરમરજી પર;
ભૂખે મુખે ન મગાય રે! આશારે૦ ૪

નિત્યનાં નિર્ઝણ કરતાં શીખવાં શું;
આ વ્રત કાઢ્યું વડાય રે? આશારે૦ ૫

બોલવું તો પૂછ્યું, ચાલવું ચાલે રે;
કહેલુંજ કરવું સદાય રે. આશારે૦ ૬

બાર વરસની બાળકીએ કયમ;
ઠાવકાં આમ થવાય રે? આશારે૦ ૭

રમતી કૂદતી હરણીએ તો કયમ?
પગલાં ભરાવ્યાં ભરાય રે? આશારે૦ ૮

લાડે રમેલી કેમ ચરણ મુખ;
ને મન બાંધી મુકાય રે? આશારે૦ ૯

જીવતાં જડ થઈ પુતળાં પેઠે;
નચાવ્યાં કેમ નચાય રે? આશારે૦ ૧૦

જોગી જતીની ન જ્યાં ગતિ ચાલે;
તે કેમ કહો એથી થાય રે? આશારે૦ ૧૧

થાઓ કે નહિ પણ નિશ્ચે કરે છે;
એમજ સુકોમળ બાળાય રે! આશારે૦ ૧૨

એથી અધિક કંઈ હોય ત્યારેજ;
નવલ સાસરો નિંદાય રે! આશારે૦ ૧૩

મરાઠી રજી
(ચોચોકા)
सासरे जती छोडीनो उत्तर

માડી તું મારી, છોડને શોક નકામો;
છોડીને સાસરા વીણ કયાં વિસામો ? } ટેક.

સાસરી તો સર્વે સ્ત્રીને શીર સરજી,
એમાં સુખ શોભા સકળ સુંદર જી;
ચાલી આવી રીત એ તો ઘરઘર જી. માડી૦ ૧

માટે તમે ધીર ધરી મને આપો,
મને તો સહેજે હોય સંતાપો;
ગમે ન જવું મેલી માયાળુ માબાપો. માડી૦ ૨

કાપીને કોમળ કેળની ડાળી,
જાણે ખોદી ઠામ કઠણમાં ઘાલી;
રૂએ રૂએ આંસુડાં તે ઢાળી. માડી૦ ૩

કલેજું મારૂં તો ફડફડ થાયે,
પીપળનાં પાન પેઠે કંપાયે;
મારે મન પૃથ્વી રસાતળ જાયે. માડી૦ ૪

એવું મને લાગે છે સહજ સ્વભાવે,
સાસરીએ જવું પ્રથમ કોને ભાવે ?
સહેજે સદા સર્વેને રડવું તો આવે. માડી૦ ૫

તોપણ આ શોક ક્ષણિક ગણુ મારો,
ઉંડો ને ગાઢો બહુજ છે તારો;
દુઃખી મારા દુઃખમાં હોય વધારો. માડી૦ ૬

સાસરીએ દુઃખ તો પહેલું પહ્લામાં,
તમે કહ્યાં તે બધાં દુઃખ સાચાં મા!
તોપણ રડ્યાં વણ શો છુટકો છે મા? માડી૦ ૭

માટે મા, શોક તજી કહો પ્રીતે,
સાસરીએ સુખી થવાય શી રીતે?
પરાયાં હોય પોતીકાં નિત્યે. માડી૦ ૮

શાબાશ! શાબાશ! સુતા મતિ તારી!
સફળ કરી સકળ કેળવણી તેં તારી!
સુખી રહે આ છેલ્લી નવલ શીખ ધારી. માડી૦ ૯

ગરબી ૩જી

(અષ્ટયોકા ત્રિતાલ)

શિક્ષાસૂત્ર

સાંભળ, સાસરે વાસ કર્યાનાં,
સૂત્ર પવિત્ર મર્માળાં રે;
અક્ષરે અક્ષર અંતર કોતરી,
રાખજે કોમળ બાળા રે. ટેક૦

કામ કઠણ બહુ કરવાં પોતીકાં,
જે છે છેક પરાયાં રે;
એવું કરવું તો ઈશ્વર હાથે,
પણ આપણે થાવું ડાહ્યાં રે. સાંભળ૦ ૧

પ્રેમ વિના પરપ્રેમ પમાય ન,
કેમે કરી કો કાળે રે;
માટે પ્રથમ તો આપઅંતર ભર,
શ્વસુરપક્ષ પર વા'લે રે. સાંભળ૦ ૨

શ્વસુરપક્ષ છે પક્ષજ તારો,
વિચારી જો ચિત્ત માંહી રે।
જે કુળ ઉપજી ઉછરી હોતે,
ત્યાં તો થઇ તું પરાયી રે। સાંભળ૦ ૩

ઘર તે સાસરૂં જ હવે તુજ,
આ તો પિએર સૌ કહે છે રે;
ભાઈ ભોજાઈ આપે રીઝી જે,
બાપડી બેન તે લે છે રે। સાંભળ૦ ૪

હક હીયાંથી ઊડયો, બેઠો ત્યાં,
કઠણુ વચન આ કહેતાં રે;
હૈયું મારૂં ઉથલાઈ જાએ,
આંખે આંસુ વહેતાં રે. સાંભળ૦ ૫

પરઘરનું ધન પુત્રી કહાવે,
સાચું આજ મેં માણ્યું રે;
સુખ દેખીશ હવે હું જયારે તે,
સાચું સરળ એ જાણ્યું રે. સાંભળ૦ ૬

જાણ્ડો શ્વસુરકુળ કુળજ તારૂં।
રહેજે રોજ તે રૂખે રે;
તેની શોભાએ શોભા તારી,
સુખે સુખ દુ:ખ દુ:ખે રે. સાંભળ૦ ૭

"પિએર પનોતું રાખો પ્રભુ પણ,
સાસરૂં તો ઘર મારૂં" રે;
એમ વિચારી મનસા વાચા,
કર્મણા કરે તે પ્યારૂં રે. સાંભળ૦ ૮

પ્રેમે પોતીકું એમ ગણ્યું કે,
સહેજે પોતીકું થાશે રે;
સાસુ, નણંદ, વર, દીયર, સસરો,
સર્વે ચિત્તથી ચા'શે રે. સાંભળ૦ ૯
વખતે વચન કડવાં કહે તોપણ,
વિનય ન તજવો તારે રે;
"વનો વેરીને વશ કરે છે,"
મંત્ર એ મોંઘો ભારે રે સાંભળ૦ ૧૦
"કામ કર્યાં તેણે કામણ કીધાં,"
એ કહેવત છે સાચી રે;
દોરા ચિઠ્ઠી ને છુમંતરની,
કથની કપટી કાચી રે. સાંભળ૦ ૧૧
વિનય વિવેક ને વા'લ વધારી,
ધરી ધીરજ, કરી કામો રે;
સદા સુઘડતા સદ્‌ગુણ ગ્રહીને,
નવલ કહે સુખ પામો રે. સાંભળ૦ ૧૨

ગરબી ૪થી
(રાગ ઉપરનો)

શાણાં, સુઘડ સદ્‌ગુણી બની બેની,
સાસરે સુખીઆં થાજો રે।
સંસારે સૌ શ્રીકર્ત્તવ્યો,
કરી પરમ પદ પાજો રે। શાણાં૦ ૧
છ'ર મિજાજ તો ત્યાગજ કરવો,
જો સાસરીએ રહેવું રે।
શાણપણે સૌ સાથે બોલવું,
ચાલવું લેવું દેવું રે. શાણાં૦ ૨

મધુર વચન છે મધથી મીઠાં,
જનમન રંજનકારી રે;
નારીનું ભૂષણ—નારીજ નહિ જે,
નમ્રપણું ન ધરનારી રે. શાણું૦ ૩

સ્વજન, પરજન, દાસ દાસીશું,
વદવું ત્રિવિધ વિવેકે રે;
સૌ સાથે સૌ લાયક ચાલવું,
મા'લવું મારગ સીધે રે. શાણું૦ ૪

વણુ કહે મન વર્તી વરતવું,
સાસરે સૌને અનુસરવું રે;
પિયુરંજન પર તો મન નિશદિન,
ખંતે અખંડજ ધરવું રે. શાણું૦ ૫

પ્રેમે પિયુમન રંજન કરવું,
માનિનીધર્મ એ મોટો રે;
ચાર પદારથ એથી પમાયે,
અન્ય ઉપાય તે ખોટો રે. શાણું૦ ૬

સ્વામી સંબંધે શ્વસુરપક્ષની,
સેવા કરવી સુરીતે રે;
માતપિતા સમ સાસુસસરા,
માનવાં મનથી નિત્યે રે. શાણું૦ ૭

પોતાનુંજ ઘર હવે થયું જે,
તે તો સંભાળવું ભાવે રે;
ઘરગોઠવણી તો ગોરીનો,
મરવો ધર્મજ કહાવે રે. શાણું૦ ૮

રાત દિવસ મથી મરે મરદ જો,
કરવા ઘરમાં કમાણી રે;
આણી કમાણી ન વાપરી જાણી,
બાયડી નહિ એ ભુંડાણી રે. શાણું૦ ૯

શાણી સુઘડ સ્ત્રી રોજ કરે છે,
રૂડી વ્યવસ્થા ઘરની રે;
કરકસર કરે, રહે સૌ સરખી,
શોભા વધારે વરની રે. શાણું૦ ૧૦

ઘર જોઈ ઘરધણિઆણીનું,
મૂલ કરે સૌ કોઈ રે;
જો ઘરમાં ગંદવાડો દેખે,
કહે "ફુઅડ ફૂટ મોઈ રે." શાણું૦ ૧૧

સુઘડનાં ઘરબાર ને ઓરડા,
આરસ જેવા રૂપાળા રે;
સદા સુઘડ રહે સુઘડ સુંદરી,
રાખી સુઘડ બાળબાળા રે. શાણું૦ ૧૨

બાળકની સંભાળ કેળવણી,
સ્ત્રીનો ધર્મ એ ત્રીજો રે;
ત્રણે ધર્મ સરળ ને સરસ એ,
પાળ્યા તો પ્રભુ રીઝયો રે. શાણું૦ ૧૩

પ્રભુને પ્રાર્થનાથી પ્યારાં,
કર્તવ્ય કર્મો કરવાં રે;
જપ, તપ, વ્રત, ઉપવાસ મૂકી પણ,
પ્રેમે પતિવ્રત ધરવાં રે. શાણું૦ ૧૪

પતિવ્રતા પતિને અનુસરતી,
હીંડે હર ઘડી હેતે રે;
તેની મરજી તે એની મરજી,
જીવનદોરી તો તે છે રે. શાણું૦ ૧૫

પ્રાણથી પ્યારો ગણી પિયુને,
અનન્ય ભક્તિ કરતી રે;
દુર્જન દુષ્ટને દેખીજ દૂરથી,
આઘી એ ઓસરતી રે. શાણું૦ ૧૬

નિર્જન વન, ને નિર્ધનતામાં,
રહે પિયુ પાસજ હરખે રે;
સ્વામી વિના નહિ સ્વર્ગે સોહાએ!
સ્વામી સંગે સુખી નરકે રે! શાણું૦ ૧૭

સતી પતિથી છૂટી પડે નહિ,
છાયાવત્ ગત એની રે;
પતિવ્રતાનું પરમ તત્ત્વ છે,
પતિજ સાંમળ એની રે. શાણું૦ ૧૮

બેની પતિવ્રત ધારી ધીરજથી,
કુળની કીર્તિ વધારી રે;
વિશ્વંભરનો રાખી ભરોસો,
રહેજે ઓ બેટી વિચારી રે! શાણું૦ ૧૯

સુખી સદા તું હોજે ઉભય સ્થળ!
કર મંગલ! લાડઘેલી રે!
માની કૂખ વખાણાવજે વા'લી!
માની નચલ શીખ છેલ્લી રે. શાણું૦ ૨૦

૫૧

સ્ત્રીસ્વરૂપ

ગરબી

સંસારનું નૂર છે નાર,
સજ્જન, સંસારનું નૂર છે નાર.
સ્ત્રી સુધરે સકળ સુખસાર. ટેક૦

સજ્જન, સ્ત્રી સુધરે સકળ સુખસાર;
ધૂળધાણી બધું નિરધાર, એ વણ. ધૂળ૦

સુંદર સ્ત્રીનું મુખડું, સુંદર સ્ત્રીનું તન;
સુંદર સ્ત્રીના બોલડા, સુંદર સુંદર સ્ત્રીનું મન! સજ્જન સં૦ ૧

સુંદર સેવા સ્ત્રી કરે, સુંદર ધરેજ સ્નેહ;
સુંદરતા સંસારમાં, ભરનારી નારીજ છેય! સજ્જન સં૦ ૨

આપે જન્મજ જગતને, પાળે પૂરણ પ્રીત!
એનાજ નામ આધારથી, કહાવે ઈશ્વરી અંબા ખચીત!
સજ્જન સં૦ ૩

મીઠું બોલી મન હરે, ટાળે તન પરિતાપ;
આફતમાં ધીરજ ધરી, ધીર આપે એ નરનેજ આપ.
સજ્જન સં૦ ૪

ઘરણી ઘરનો સ્તંભ છે, ઘરનું ઘરૂણીજ માન;
ઘરણી ઘરનું ઘરેણું છે, ઘર ઘરણી વિનાનું સ્મશાન.
સજ્જન સં૦ ૫

ઘડપણમાં ઘરૂણી સમી, સેવા કોથી ન હોય;
સ્વર્ગે પણ સંગે ગઈ, તે તો નારીજ ! નર નહિ કોય.
સજ્જન સં૦ ૬

ધન ધન નારી નામને, પ્રેમી પરમ અપાર !
પાળે પ્રેમે સર્વને, એનો આદ્ય શક્તિ અવતાર.
સજ્જન સં૦ ૭

નિંદા એની જે કરે, તે પાપી ગુણચોર;
દુર્ગુણને દરીએ ડૂબે, તોએ દિલડે દયાનુંજ જોર.
સજ્જન સં૦ ૮

ગોરી ફૂલ ગુલાબનું, સૂકે કે કરમાય;
કે કોહે વણું કાળજી, તોએ જાતિસુગંધી ન જાય.
સજ્જન સં૦ ૯

શાસ્ત્રી, પુરાણી, પંડિતો, શાણા સજ્જન સર્વ !
સાચેસાચું હું કહું, તમે માનો મૂકી મનગર્વ.
સજ્જન સં૦ ૧૦

દીસે દુર્ગુણી આજ બહુ, નથી એની કંઈ નાજ;
પણ એ દુર્ગુણી મૂર્ખ કે, જે છે તે તમારાજ કાજ.
સજ્જન સં૦ ૧૧

આદે દમયંતી, સીતા, દ્રૌપદી આદિ અપાર;
થઈ ગઈ બહુ ગુણવંતીઓ, તે હતી નારીજ નિરધાર.
સજ્જન સં૦ ૧૨

ધર્મે કર્મે ન કેળવો, ના'પો કંઈ પણ જ્ઞાન;
રાખો જો હેવાન તો, કયમ હોય ન એ હેવાન ?
સજ્જન સં૦ ૧૩

હા! અબળાઓ હાય રે! હાલ છેજ હેવાન;
ખાવું પીવું ખેલવું, એ ત્રણનુંજ જેને ભાન.
સજ્જન સં૦ ૧૪

જ્યાં હેત્રાનજ નારનો, સઘળો સુંદર સાથ;
ત્યાં જીવ્યાથી તો ભલું, ખરે મરણ નવલ ઓ નાથ!
સજ્જન સં૦ ૧૫

નીતિનો ચીલો

ગરબી

(ત્રિઅઠા)

ચારુ* ચીલો આ નીતિનો,——— નરનારી રે,
ધારો ધરી ઉર ખંત, કહું છું વિચારી રે;
ભવપંથે ભુંડા ઉંડા,——— નરનારી રે,
છુપા કુવા છે અનંત. કહું છું વિચારી રે. ૧

જેના વિવિધ મનોહારી,——— નરનારી રે,
વેલછવાયાં મુખ, કહું છું વિચારી રે;
જો ચૂકીએ પગ મૂકતાં,——— નરનારી રે,
હોયજ અનહદ દુ:ખ, કહું છું વિચારી રે. ૨

એ ગોઝારા કૂપમાં,——— નરનારી રે,
પડ્યા હજારો અજાણ, કહું છું વિચારી રે;
હસવામાં ખસવું થયું,——— નરનારી રે,
ગયા રૂંધાઈ પ્રાણ, કહું છું વિચારી રે. ૩

---

* સુંદર.

માટે ચિત્ત ચેતી તમે,———નરનારી રે,
ચાલો ચીલે ચીલેજ, કહું છું વિચારી રે;
ચીલો એ પ્રાચીન છે,———નરનારી રે,
સુંદર સુખકર સે'જ,[1] કહું છું વિચારી રે. ૪

ચીલાની બે બાજુએ,———નરનારી રે,
અખંડ તરુવર હાર, કહું છું વિચારી રે;
શીતળ છાંયે શોભતી,———નરનારી રે,
ફળ અમૃતમાં છે સાર, કહું છું વિચારી રે. ૫

ચીલે ચાલવું સે'લ છે,———નરનારી રે,
સીધો સમતલ[2] છેક, કહું છું વિચારી રે;
છે કંચન રજ છાંટીઆં,———નરનારી રે,
ગુલજળ[3] બહેક બહેક, કહું છું વિચારી રે. ૬

કોણુ અભાગી આ ચીલો,———નરનારી રે,
છોડી હીંડે કુવાટ, કહું છું વિચારી રે;
મારગ પણુ એ પાંસરો,——— નરનારી રે,
નહિ ભો કે ન ઉચાટ, કહું છું વિચારી રે. ૭

ચીલાથી ચૂકી જરા,———નરનારી રે,
આડાં અવળાં ન જાઓ! કહું છું વિચારી રે;
ઠગવાડીના ઠાઠથી,———નરનારી રે,
ભૂલી શીદ ભરમાઓ! કહું છું વિચારી રે. ૮

ચીલો મૂકયો તેમણે,———નરનારી રે,
આખર ખાધીજ થાપ, કહું છું વિચારી રે;

---

૧. સ્વાભાવિક રીતે. ૨. સપાટ ૩. ગુલાબજળ

પર વીતે ચેતેજ તે,——નરનારી રે,
ખરાંજ ચતુરાં આપ+! કહું છું વિચારી રે. ૯

આજ ચીલે ચાલી ગયાં,—— નરનારી રે,
પૂર્વે સર્વે સુજાણ, કહું છું વિચારી રે;
પામ્યાં પરમાનંદ પદ, નરનારી રે,
નિશ્ચલ નવલની વાણ, કહું છું વિચારી રે. ૧૦

"मारी भरतभूमि"-स्वदेश स्तोत्र

गरबी

મારી ભરતભૂમિ!

રૂપાળી, સુયશાળી, સુશીલ પુનિત,
તારાં ચરણ ચૂમી. } ટેક.

આનંદે વંદું જય હરદમ× નિત્ય!
સૌ સૌમાં કાંક વિશેષજ છે!
પણ તું તો અલૌકિક એકજ છે!
મારી ભરતભૂમિ૦—૧

+ એ મારા બાપ એટલે વા'લા, જે પારકાને વીતે તે જોઈનેજ પોતે ચેતી ચાલે, તેજ ખરેખરાં ચતુર સમજવાં; મતલબ કે અનીતિના ખાડામાં જે પડે છે, તે ગમે એટલાં ચતરાં (ચતુર) થઈને ફરે છે; પણ ખરૂં જોતાં જરાએ ચતુર નથી.

× પ્રત્યેક શ્વાસની સાથે, હંમેશાં.

કોણુ આવે હિમાલયની હારે ?
કોહિનૂર અન્ય હીરા હારે;
વણુ શેલડી સરસ સાકર ક્યાં રે ?
મારી ભરતભૂમિ૦—૨

શી ફૂળદ્રુપતા સ્થળ સ્થળ સોહે!
નવરંગી રમણી મુજ મનડાં મોહે!
જાણે વાડી વિશ્વંભરનીજ હોએ.
મારી ભરતભૂમિ૦—૩

સાથે વિશ્વંભરવા'લી તું ઝાઝી,
સમૃદ્ધિ સ્વાભાવિક બધી સાજી;
તને પ્રભુએ કરી પ્રિય પ્રમુખા જી.
મારી ભરતભૂમિ૦—૪

દેખી દુનિયા મરે છે દિલ દાઝી,
પણુ ફીકર ન રાખ પ્રભુ તું રાજી;
હાય! હાલ તેની છે ઈતરાજી!
મારી ભરતભૂમિ૦—૫

તારો વાંક નથીજ તથાપિ એ,
અમે ભ્રષ્ટ કપૂત મૂઢ પાપીએ;
દેવ છેક દુભ્યો!—હજીએ!
મારી ભરતભૂમિ૦—૬

મદ આળસ, ઈર્ષા ને અનીતિ,
મતિ મતલબી, આંધળી નીચ અતિ;
સુખ સાર્વજનિક સમજે ન રતિ.
મારી ભરતભૂમિ૦—૭

જાણું જન્મભૂમિભક્તિ તો પામે નહિ,
એક પેટની વેઠ અખંડ લહી;
ઉંચી ઓડ બળદીએ કીધી ન કહીં.
મારી ભરતભૂમિ૦—૮

એવા જનને ધિક ધિક ધિક્કજ છે,
કીડી કાગડા એથી તો ઠીકજ છે;
જેને જાતિની દાઝ અધિકજ છે!
મારી ભરતભૂમિ૦—૯

હોટેંટાટ કાફીર જે કહો,
જંગલીમાં જંગલી જે લોકો;
જન્મભૂમિ ભજન[1] અનભિજ્ઞ ન કો.
મારી ભરતભૂમિ૦—૧૦

સ્ત્રીઓ પણ અબળા જે બાકી,
તેણે દેશભક્તિ સબળા દાખી;
ઇતિહાસ છેજ એનો સાખી.
મારી ભરતભૂમિ૦—૧૧

જન જન્મી જન્મભૂમિ જે ન ચહે,
સૃષ્ટિક્રમ વિરુદ્ધજ રાક્ષસ એ;
રે રાક્ષસ રૂડા સ્વપક્ષે રહે!
મારી ભરતભૂમિ૦—૧૨

આવા ભ્રષ્ટ સંગે ભંડાઈ માતા,
જે જગતને સુજનતા[2] મૂળ દાતા;
જેનો જશ જશવંત હજી પણ ગાતા.
મારી ભરતભૂમિ૦—૧૩

---

૧. જન્મભૂમિની ભક્તિથી અજાણ્યા કોઈ જંગલી લોક પણ નથી.
૨. સુધારો (Civilization).

તું તો સત્ત્વગુણી તત્ત્વજ વેત્તા,
દેશ દેશથી પંડિત જ્યાં વહેતા;
થઈ શિષ્ય સહોત્સાહે રહેતા.
મારી ભરતભૂમિ૦—૧૪

તારાં કાર્ય ત્યારે યવને ભાળ્યાં,
મહા શીળ, નિર્મળ, બુદ્ધિવાળાં;
અહા ! દેવાં કમાડે પડે ન તાળાં !
મારી ભરતભૂમિ૦—૧૫

સેવું નિત્ય પુનિત તવ રજ ચૂમી,
ધન્ય ભાગ્ય નવલની તું જન્મભૂમિ;
તારી ભક્તિ રગેરગ રહીજ ઘૂમી.
મારી ભરતભૂમિ૦—૧૬

एकज वेण राखवा विषे

ધોળ

राग वेलावर

સદા રાખો રે, સદા રાખો રે, શાણાં સુજન સુજાણ; }
એકજ વેણ સુસત્યનું, સદા રાખો. } ટેક.

એકજ વેણ ઉપર ચાલે, જુઓ,
સંસારનો રે, સંસારનો રે, બધો કારવે'વાર;
હોય લાખોની આપલે,
લોક ધંધો રે, લોક ધંધો રે, કરે ધમધોકાર—એકજ વેણ૦ ૧

એકે વેણે વીંટ્યું વિશ્વ કાં,
વેપારી રે, નરનારી રે, નોકર ને શેઠ;
સર્વ જીવે રાજા પ્રજા,
વિશ્વાસે રે, વિશ્વાસે રે, ખરે વિશ્વમાં નેટ—એકજ વેણ૦ ૨

એક વેણ વિના તો પા ઘડી,
ક્યમ ભેળાં રે, ક્યમ ભેળાં રે, રહી શકે કો જન ?
જઈ જંગલમાં એકેકથી,
શું છુટાં રે, શું છુટાં રે, વસે જોજન જોજન—એકજ૦ ૩

એક વેણ વિના ગુણ કોટિધા,
હોય તોપણ રે, હોય તોપણ રે, તેનું કોડી ન મૂલ;
બાળક પણ હાંસી કરે,
"એ તો જુઠો રે" મળ્યું ડા'પણ ધૂળ !—એકજ૦ ૪

એક વેણ વિના નર રડવડે,
જ્યમ રોડું રે, જ્યમ રોડું રે, ખર્યું ભીંતથી હોય;
ઠામ ન ઠરવાનો મળે,
ભમે ભૂલ્યો રે, ભલે ભૂલ્યો રે, બની બા'વરો સોય—એકજ૦ ૫

એક વેણ ગયું તો સૌ ગયું,
સૌ તુચ્છજ રે, સૌ તુચ્છજ રે, ગણે તરણાથી લોક;
થાય હડે હડે જાય જ્યાં,
પછી સાચું રે, કદી સાચું રે, બોલે તે પણ ફોક—એકજ૦ ૬

એક વેણ કારણ દારુણ શાં,
દુઃખ વેઠ્યાં રે, દુઃખ વેઠ્યાં રે, હરિશ્ચંદ્રે અખેદ !
ભૂપ* ભલો રે પેલો ફ્રાન્સનો !
આવી આપે જે, આવી આપે જે, પડ્યો પાછો કેદ !—એકજ૦ ૭

---

*ફ્રાન્સનો રાજા જોન જે લડાઈમાં હારી ઈંગ્લાંડમાં કેદ પકડાયો હતો, તે કેટલાક કોલકરાર કરી પોતાના રાજ્યમાં પાછો આવ્યો; પણ લોકે તે શરતો કબુલ ન રાખી, તેથી એ સત્યવાદી રાજા પોતાના વેણ ખાતર આપોઆપ પાછો ગયો, અને ત્યાં કેદખાનું ભોગવ્યું.

એક વેણ સત્યનું રાખતાં,
સુખ નિશ્ચય રે, સુખ નિશ્ચય રે, બેઉ લોકે થોક;
નિશ્ચય વાત નવલ કવે,
અરે માનો રે, અરે માનો રે, જગતના લોક !—એક૰ ૮

जुठुं नहि बोलवा विषे

ધોળ

राग वेलावर

જીત કદીએ રે, નહિ વદીએ રે, જરા જૂઠ વચન;
જૂઠે [1]જાન બે [2]જહાનમાં, જીત કદીએ. } ટેક.

આપી ઈશે વિશેષ પશુ થકી,
અલ્યા વાણી રે, દયા આણી રે, કહેવા ઉરના વિચાર;
તે તો ઢાંકી ઢુમેરી તેં,
જગ ઠગવા રે, જગ ઠગવા રે, માંડ્યો વાણો વ્યાપાર, જૂઠે જાન. ૧

સૂણ ! સત્ય સંસારનો સ્તંભ છે,
જે આધારે રે, જે આધારે રે, એ ઉભો બીનધાક;
જે વણ કડડ તૂટી પડે,
જોને આંખે રે, વણ શાખે રે, ધીરે જેનું ન શાક. જૂઠે જાન. ૨

રે ! શાખ ભુંડીજ જુઠાતણી !
છતાં સાચું રે, છતાં સાચું રે, એનું જુઠું મનાય;
જોવા આવ્યો સાચ પણ,
પેલો બૂમો રે, પાડી બૂમો રે, મુઓ મૂર્ખ વૃથાય. જૂઠે જાન. ૩

---

૧ નુકસાન, ખરાબી. ૨ દુનિયામાં; આ લોકમાં ને પરલોકમાં.

જીવ ! જીભ શીદ જૂઠે વટાળીએ ?
વદે જૂઠ તો રે, વદે જૂઠ તો રે, મૂઢ પાપી જન;
પાપ પોતાનાં ઢાંકવા,
ન ઢંકાયજ રે, ન ઢંકાયજ રે, જાણુ નિશ્ચય મંન. જૂઠે જાન. ૪

ભુંડું છાણુ ઉંડી ગોઝારમાં,
ધાર્યું ઢાંકી રે, ધાર્યું ઢંકી રે, ઊઠે ગંધાઈ આપ;
થૂ થૂ થૂ થાયજ તથા,
વૃથા બાંધી રે, મૂઢ બાંધે રે, ગાંઠે એકનાં બે પાપ ! જૂઠે જાન. ૫
જીવ નિશ્ચય કરીને જાણુ તું,
તરે સત્યજ રે, તરે સત્યજ રે, ડૂબે જૂઠે જહાજ;
તદપિ કાગળની કરામતી,
એ શા અર્થનું રે, એ શા અર્થનું રે, શોભે તાબુતમાંજ !
જૂઠે જાન. ૬

છે જૂઠ જંજાળની જાળ જ્યાં,
એકે બીજું રે, બીજે ત્રીજું રે, ગૂંથ્યું ગણ્યું ન ગણાય;
શું સંભાળે અભાગીઓ,
ઝટ જોતાં રે, ઝટ જોતાં રે, કો ટપ્પ ઝલાય. જૂઠે જાન. ૭

વાંક નજ કર, પણ કદી થાય તો,
સાચેસાચું રે, સાચેસાચું રે, માની માગને માફ;
માફજ મળશે સો વસા,
નહિ તોએ રે, નહિ તોએ રે, ટળશે અંતર તાપ. જૂઠે જાન. ૮

જો અંતર્જામી અંતરે,
તે રાજી રે, રહે રાજી રે, વહે ઉર આનંદ;
અતુલ અનુપ નિજાનંદ છે,
નિજાનંદને રે, નિજાનંદને રે, જાણે શુંજ મતિમંદ ? જૂઠે જાન. ૯

છે સત્યસ્વરૂપજ શ્રી પ્રભુ,
એને વા'લું રે, અન્ય વા'લું રે, નથી સત્ય સમાન;
છે સત્યસ્વરૂપને પરભવી,
આં રહેશો રે, શું કહેશો રે, પૂછે નવલ નિદાન. જૂઠે જાન. ૧૦

बाळक पर प्रीति ए स्त्रीनुं भूषण छे.

राग हालरडानो

વનિતા કુળવંતી બોલાવે વા'લે બાળને,
મીઠાં અમૃત ઝરતાં નયણે વયણે નિત્ય;
નિત્યજ ખંતેથી ખાવાનાં ખેલવણાં તથા,
આપે કેળવણી સુખકરણી સુંદર રીત. વનિતા૦ ૧

વનિતા કુળવંતીને, વા'લ અપારજ બાળ પર,
પછી તે પોતીકું, પરનું કે જેનું હોય;
એને હૈયે ઉમળકા આવે જોઈજ બાળને,
વા'લે બોલાવે તે વેળા શી એ સો'ય? વનિતા૦ ૨

આંખો હીરાશી ઓપે! હસતું મુખ શું મધુર!
શોભે શાં સુંદર મનરંજન ખંજન ગાલ!
ઉઘડી અર્ધ અધરપરવાળી સુવર્ણ ઝમુક્તી,
ઝબકયું ઝળાળળ જાણે નિર્મળ દિલનું વા'લ. વનિતા૦ ૩

એની વાણી તો નરમાશ મિઠાશ અજબ ભરી,
જેણે બાળકનાં મન વશ થઈ જાયજ સે'જ;
એને દેખે કે દોડી ભેટે હેતે અતિ,
એનું કહ્યું કરે સઘળું હરખે હરખેજ! વનિતા૦ ૪

રે વણુ કહે અતિ મન વર્તે છે તે તો સદા,
રડતાં રખે દુભાયે એનું દયાળુ દિલ;
છરાયાં છોરૂં પરાયાં પણ રે એને કલ્યાગરાં,
સાચે જાદુગરૂંજ જોયું એનું સુશીલ! વનિતા૦ ૫

એનું કારણુ પણુ આવું નથી સમજવું સે'લ છે,
સમજો સુંદરીઓ! ઓ! હિંદની આપે આજ;
એ નથી પીટયા કહી કદીએ બાળ ધખેડતી,
જે છે નહિ નારીનાં પણુ કૃત્યાનાં કાજ. વનિતા૦ ૬

લાજે કુળવંતી બોલતાંએ ઉંચે સ્વરે,
તો તે નિજ બાળક પર કેમજ હોય કઠોર?
વાણી કડવી કઠોર બાળ નઠોરજ હોય,
વાણી વા'લપની વશ કરે હરાયાં ઢોર. વનિતા૦ ૭

વાણી વા'લપની વદવા સરજી છે સુંદરી,
રહી છે સુંદરીની સુંદરતા વા'લપ માંય;
વા'લપ બાળ પર જામે જ્યારે શશી પૂર્ણ સમ,
ત્યારે નવલ અલૌકિક દેવીજ છે દેખાય! વનિતા૦ ૮

વિશ્વંભરનો ઉપકાર

ગીતચંદ્રાવળા

(નાના ધ્રુવાખ્યાનનો રાગ)

જે જે!* વિશ્વંભરનાથ; હું તને વંદું વારંવાર;
વારંવાર તું જે કરે જનપ્રતિ પ્રતિદિન ઉપકાર,
જે ઉપકાર ન હુંથી ગણાય;
અનહદ હદમાં કેમજ માય!

* જે જે એ જય જયનું ટૂંકું રૂપ છે.

દહાડો રાત પ્રભાત, ને સાંજ;
પળપળ સંભાળો છો રાજ ! જે જે૦ ૧

પાળે, સંભાળે સદા તું તો અખિલ જગતમાં જન,
જળચર, ભૂચર, ખેચરને, વળી ઈતરેચર પણ અન્ય.

અન્ય હશે બ્રહ્માંડ અખંડે,
તે સર્વેનાં દુઃખ તું ખંડે;
એક અનંત તું પુરૂં કરે,
આહા ! આ તે અકળજ ખરે ! જે જે૦ ૨

અકળ, અરૂપ, અનુપને હું કેવા તે કહું કેમ ?
તેમ એક આ તો દીસે, નિત્ય કરવું વિશ્વનું ક્ષેમ !

વિશ્વનું ક્ષેમ ચહે ચિત નિત્ય,
કુંજરથી તે કીડી સહીત;
સર્વેની સંભાળ સમાન,
લે છે દેવ દયાજ નિધાન જે જે૦ ૩

દયાનિધાન ! કૃપાળુ ! ઓ ! કરુણાળુ કીરતાર !
છે વિધવિધના વિશ્વમાં, ભર્યા અન્નઉદકભંડાર.

અન્નઉદકભંડાર ભર્યા તે,
ખાઈ જીવે છે જગતજ ખાંતે;
ખાજ સુખદ, ને સ્વાદે ભર્યાં,
વિધવિધનાં જે જાય ન ગણ્યાં જે જે૦ ૪

જાય ગણ્યાં નહિ સર્વ તે સુખસાધન તેં જે કીધ,
વૃક્ષ, વનસ્પતિ, વેલી ને, પશુ પક્ષી ખનિજ વિવિધ.

પશુ પક્ષી વિવિધનાં હોયે,
નદી ડુંગરીએ મનડાં મોહે;

શે। કહું આકાશે સુંદર બહાર!
ધન! ધન! ઈશ રસદાતાર. જે જે૦ ૫

ઇશ્વર તું ઉપકાર તે। કરે જન્મ્યાં ત્યાંથીજ સાર,
રે! જન્મ્યાં પહેલાંય તેં, પય નીપજાવ્યું નિરધાર.

નીપજાવ્યું નિરધાર તેં દૂધ,
તારી તે। છે અગમજ બુદ્ધ!
અગમ ખેલ તે। તારે। અરે!
રુધિરનું દૂધ કોણુજ કરે? જે જે૦ ૬

દૂધ કર્યુંજ રુધિરનું અતિ શુદ્ધ સરસ ગુણકારૂં,
એ ગુણ ભૂલે એવું તે, કોણ લૂણહરામી નઠારૂં?

લૂણહરામી નઠારૂંજ હશે,
તે વિશ્વંભરને ભૂલશે;
વિશ્વંભરના ગુણ અનંત,
ગાય પશુ પંખી જીવ જંત! જે જે૦ ૭

જંત ઝીણાં જળબિંદુમાં અગણ્યાં આંખે ન જણાય,
તે સર્વે સંભાળથી, ઘડયાં કરી કરામત કાય.

કરી કરામત તેં તે। વડી,
સુખકર સર્વે અવયવે। ઘડી;
તે પ્રત્યેકનું પોષણ થાય,
તેવા સાજ સજ્યા વળી ત્યાંય. જે જે૦ ૮

સાજ સજ્યા સુખના જગે જગરાજ ધરી દિલ દાઝ,
દાઝ અધિક ધરી વળી, મૂકી બુદ્ધિ માણસમાંજ.

બુદ્ધિ વિવેકને જાણે। અમૂલ્ય,
એ ભવસાગરને। છે પૂલ;

પૂલ ભવાબ્ધિનો બાંધી હસ્યા,
અંતર્જામી રૂપે વળી વસ્યા. જે જે૦ ૯

અંતર્જામી ભોમીઓ થઈ, ઉભો ભવાબ્ધિ પૂલ,
પૂલ ચૂકી વોહો તરફ વળે, તો પોકારી કહે ભૂલ.

પોકારી ભૂલ કહે છે તેહ,
વારેવારે વારે છેય;
વળી દયાળુ એ દેવની કૃતિ,
કર તું નવલ તત્પ્રત્યે રતિ.* જે જે૦ ૧૦

---

*પ્રીતિ.

સમાપ્ત

બહાર પડી ચૂકી છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ ટીકાકાર
સ્વર્ગસ્થ સાક્ષર

નવલરામ લક્ષ્મીરામ

કૃત

નવલ-ગ્રંથાવલિ

શાળોપયોગી આવૃત્તિ

ભાગ ૧

સંશોધન કરનાર

રા. રા. સાક્ષર હીરાલાલ વી. શ્રોફ.
બી. એ.

કિંમત રૂ. ૨-૮-૦.

મળવાનું ઠેકાણું:—

બુકસેલર કરસનદાસ નારણદાસ
એન્ડ સન્સ, નાણાવટ-સુરત.